દેશ ભાવના, સંસ્કૃતિ અને અધ્યાત્મનો સમન્વય

# શાશ્વત સંદેશ

ભારત જનજાગૃતિ
અભિયાન
પુસ્તક-૩

દર માસની પૂર્ણિમાએ પ્રકાશિત થતું ઈ-સામાયિક

ભાદ્રપદ
વિક્રમ સંવત ૨૦૭૬

## ભારતીય કાલગણના



ॐ યોગેશ્વરાય નમઃ ॐ મા સર્વેશ્વર્યૈ નામઃ

## તંત્રીની કલમે...

પ્રિય વાંચકો,

શાશ્વત સંદેશ દ્વારા મુખ્યત્વે ભારતીય સંસ્કૃતિ, દેશભાવના અને અધ્યામને અનુરુપ સાહિત્ય પ્રકાશિત કરવામાં આવે છે. આ વિષયમાં વાંચકોના જ્ઞાનમાં વધારો થાય, તેમનામાં દેશભક્તિના ભાવના વધે, અધ્યાત્મિક જ્ઞાપિપાસા સંતોષાય એ માટે ચીલાચાલુ નહીં પણ શ્રેષ્ઠ સાહિત્ય અને એ પણ લોકભોગ્ય ભાષાશૈલીમાં, ઓછી કિંમતમાં આપવાનો અમારો હંમેશા પ્રયત્ન રહ્યો છે. હાલમાં ખાસ કરીને જ્યારે ઈન્ટરનેટના માધ્યમથી લોકો વર્તમાનપત્રો પણ વાંચતા થયાં છે અને અમૂલ્ય ગ્રંથો પણ વાંચતા થયાં છે. એક તો તેનાથી કાગળ માટે થતાં વૃક્ષોનું છેદન થતું નથી અને સૌથી મહત્વની વાત એ છે કે હવેની પેઢી ઓનલાઈન સાહિત્ય વાંચવાનું વધું પસંદ કરે છે, એમના માટે આ હાથવગું સાધન છે અને ભવિષ્યમાં તેનો જ ઉપયોગ વધું થવાનો છે. એક સમયે ભારતમાં ગલી ગલીએ પીસીઓ હતાં, એ પછી રુ. ૧ના સિક્કાવાળા ફોન આવ્યાં, એ પછી મોબાઈલ ફોન આવ્યાં અને હવે અનલિમિટેડ કૉલીંગનો જમાનો છે. આ નવા યુગમાં પીસીઓ ભૂતકાળ બની ચૂક્યાં છે. તારસેવા ભૂતકાળ બની ચૂકી છે. આ જ રીતે ઓનલાઈન માધ્યમથી પ્રિન્ટ મીડિયામાં પણ ક્રાંતિ આવી છે. કમનસિબે આ માધ્યમમાં તેમને મળતું સારું સાહિત્ય ઘણું જ મર્યાદિત છે અને આ માધ્યમમાં ભળતા સાહિત્યની ભરમાર છે ત્યારે શાશ્વત સંદેશ દિવાદાંડી ધરશે એવી અપેક્ષા રાખવી અસ્થાને નથી.

આ અક સાથે અમે ભારતીય કાલ ગણના પર વિશેષાંક પ્રકાશિત કરી મા જગદંબાના શ્રીચરણોમાં પૂજાના પુષ્પરુપે ધરી રહ્યાં છીએ. ભારતમાં આશ્ચર્યજનક રીતે સમયની ગણતરી વૈદિકકાળથી જ સૂક્ષ્મ રીતે કરવામાં આવે છે અને તે પૂર્ણ રીતે વૈજ્ઞાનિક છે. આ સૃષ્ટિની ઉત્પત્તિનો સમય, દેવતાઓનો સમય, બ્રહ્માનો સમય પણ આપણાં ઋષિઓએ માપી લીધો હતો. આજના સમયમાં મોટા ભાગનો વર્ગ એવો છે કે જે ભારતનો ઈતિહાસ માત્ર ૫ હજાર વર્ષનો હોવાનું માને છે ત્યારે આપણાં પ્રાચીન ગ્રંથોમાં નજર માંડીએ તો આપણે હકિકતથી માહિતગાર થઈ શકીએ તેમ છીએ. તેથી તેમાંથી સંશોધન કરીને અમે વાંચકો માટે નવનીત પ્રસ્તુત કરવાનો આ પ્રયાસ છે.

ભારતમાં પ્રાચીનકાળમાં સમયયાત્રાના પણ પ્રયોગો થયેલા છે જે વિષે સંશોધન કરવામાં આવે તો સફળતા મળવાની શક્યતા છે. ભારતમાં ક્ષણ, પળ, વિપળ, નિમેષ, પ્રહર જેવા સમય માપનના પ્રયોગો આમ બોલચાલમાં તો આજે પણ અસ્તિત્વ ધરાવે છે પણ લોકો તેનો ઉપયોગ ભૂલી ગયાં છે ત્યારે અમે તેના વિષેની સમજણ આપી છે જે દરેક વાલીઓએ પોતના બાળકોને પણ શીખવવાની આવશ્યક્તા છે. કેમ કે આપણી આધુનિક શાળાઓમાં બાળકોને આજકાલ આ પ્રકારનું શિક્ષણ મળતું નથી. શાશ્વત સંદેશનું સંચય એટલે કે ડાયજેસ્ટ સ્વરુપ પણ છે અને તેને ધ્યાને રાખીને લોકો આ અંકને એક ગ્રંથ તરીકે સંગ્રહ કરીને રાખી શકે અને સમય સમય પર આ જાણકારી અન્ય લોકોને, પોતાના સંતાનોને આપે તીં વિનંતી છે જેથી આ માટે કરવામાં આવેલી મહેનત સાર્થક થશે. આ અંકના પ્રકાશનમાં વિલંબ થયો છે એ માટે દિલગીર છું.

આ અંક આપને કેવો લાગ્યો? શું ગમ્યું? શું ન ગમ્યું? અમે વધારી સારી રીતે શું આ શું આપી શકીએ આ અંગે આપ સૌના મહામૂલા પ્રતિભાવો આવકાર્ય છે.

-સંપાદક



### દિપાવલી વિશેષાંક

શાશ્વત સંદેશ દ્વારા અધિક માસ અને આસો બન્ને માસનો અંક એક સાથે શરદ પૂર્ણિમાના દિવસે દિપાવલી અંક તરીકે પ્રસિદ્ધ થશે. આ દળદાર અંક વિશાળ વાંચનનો રસથાળ પીરસનારો બની રહેશે. જેથી નવો અંક હવે શરદપૂર્ણિમાએ પ્રકાશિત થશે. જેની નોંધ લેવી.

-સંપાદક



પ્રકાશન સ્થળ:
યોગેશ કવીશ્વર,
શાશ્વત સંદેશ પ્રકાશન કાર્યાલય,
મું. લાપાળિયા, તા.જિ. અમરેલી-૩૬૫૬૦૧

દેશભાવના, સંસ્કૃતિ અને અધ્યાત્મનો સમન્વય

# શાશ્વત સંદેશ

સંપાદક:યોગેશ કવીશ્વર

Applied for Registration
ISSN Request ID: 26536

## લવાજમ

વાર્ષિક રુ. ૧૦૦

- ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે અને એક સાથે ગમે તેટલા વર્ષનું લવાજમ ભરી શકાય છે
- લવાજમની રકમ બેંક ખાતામાં મોકલાવીને સ્ક્રીનશોટ કે પહોંચની નકલ વોટ્સએપ કે ઈમેલ દ્વારા મોકલીને જાણ કરવી. મનીઓર્ડરથી પણ લવાજમ ભરી શકાય છે, સાથે અંક મેળવવા માટેનું ઈમેલ સરનામું અચૂક મોકલવું.
- તમામ પ્રકારનો પત્ર વ્યવહાર પ્રકાશન સ્થળના સરનામા પર કરવો.

## ઈ બેંકીંગ:

**ખાતાનું નામ:** યોગેશ કવીશ્વર
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, નાગનાથ મેઈન બ્રાંચ, અમરેલી
**બચત ખાતા નં:**૩૩૮૩૫૫૪૫૭૨૫
IFS Code : SBIN0000312
UPI : yogesh.kavishwar@pingpay

વેબસાઈટ : www.shashwatsandesh.com
ઈમેઈલ : admin@shashwatsandesh.com

## લેખકો માટે

- શાશ્વત સંદેશ માટે તેની ભાવનાને અનુરુપ લેખો, ગીતો, કાવ્યો મોકલવા લેખકોને આમંત્રણ છે. યોગ્ય સાહિત્ય પ્રકાશિત કરવામાં આવશે.
- લખાણ પોસ્ટ દ્વારા પ્રકાશનના સરનામા પર કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરોમાં લખીને અથવા ટાઈપ કરેલી પ્રિન્ટ કાઢીને મોકલી શકાય છે.
- લેખ વગેરે ઈમેલ દ્વારા પણ મોકલી શકાય છે. સાથે લેખકનું પૂરું નામ અને સરનામું અવશ્ય લખવાં.

ટાઈપસેટિંગ:
પ્રણવ જોષી
મો.૮૩૨૦૬૦૬૪૧૫
સરનામું: નાગનાથ મંદિર પાસે, લાયબ્રેરી રોડ, અમરેલી - ૩૬૫૬૦૧

* અમરેલી ન્યાયક્ષેત્રને આધીન

વર્ષ-૧ અંક-૩ અધિક શ્રાવણ પૂર્ણિમા વિક્રમ સંવત ૨૦૭૬

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાયે રહેજો જીવન સહારો

www.shashwatsandesh.com

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| મુખપૃષ્ઠ | -- | -- |
| તંત્રીની કલમે.. | સંપાદક | -- |
| તંત્રીપાનું | -- | ૦૧ |
| શ્રાદ્ધક્રિયા અને સમાજસેવા | શ્રી યોગેશ્વરજી | ૦૨ |
| સર્વોત્તમ શ્રાદ્ધ | શ્રી યોગેશ્વરજી | ૦૩ |
| સૃષ્ટિ રચનાનો સમય | સંપાદક | ૦૪ |
| ભારતમાં સમયયાત્રાના પ્રયોગો | સંપાદક | ૦૭ |
| પરમાણુથી પરાર્ધ: સમય માપન | સંપાદક | ૦૯ |
| ભારતીય પંચાંગની વિશિષ્ટતા | એ. આર. ભટ્ટ | ૧૨ |
| જંતર મંતર | સંપાદક | ૧૪ |
| મંત્રોથી પ્રજોત્પત્તિ | પૂ. શ્રી મોટા | ૧૮ |
| જુવાનિયાઓ દેશનું કામ કરો | પૂ. શ્રી મોટા | ૨૦ |
| સંતને સંતપણાં રે | અજ્ઞાત | ૨૨ |
| વૈષ્ણવ નથી થયો તું રે | દયારામ | ૨૩ |


## ગ્રાહકો માટે

- ગ્રાહકોને પોતાનો ગ્રાહક નંબર લવાજમની પાકી પહોંચ સાથે આપવામાં આવ્યો હોય છે તે નોંધી લેવો.
- શાશ્વત સંદેશ અંગે આપના પ્રતિભાવો તેમજ આપનો સહકાર આવકાર્ય છે. પ્રતિભાવો આપ ઈમેલ દ્વારા કે કાર્યાલયના સરનામે મોકલી શકો છે. અમારું કાર્ય આપને ગમ્યું હોય તો અન્ય વ્યક્તિને પણ ગ્રાહક બનવા માટે પ્રેરીને આપ આ કાર્યમાં યોગદાન આપી શકો છે.
- અંક દરેક મહિનાની પૂર્ણિમાના દિવસે પ્રકાશિત થશે અને આપને ઈમેલ દ્વારા અંક મોકલવામાં આવશે.
- આપ અમારી વેબસાઈટ પર પણ મર્યાદિત સાહિત્ય વાંચી શકો છો અને નમૂના માટે મૂકવામાં આવેલા અંકો વાંચી શકો છો.
- અમારી વિનંતી છે કે કોઈપણ અંકની પીડીએફ આપ સોશ્યલ મીડિયામાં શેયર કરશો નહીં. અમારો ઉદ્દેશ્ય છે કે આ વાંચનથાળ યોગ્યતા ધરાવતા સુપાત્ર લોકો સુધી પહોંચે. સોશ્યલ મીડિયા આ માટેનું યોગ્ય માધ્યમ નથી.

શ્રાદ્ધપક્ષ

-શ્રી યોગેશ્વરજી

## શ્રાદ્ધ નિમિત્તે સ્વજનોની સ્મૃતિ થાય છે, તેમના જીવનમાંથી બોધપાઠ લઈ શકાય છે

# શ્રાદ્ધ ક્રિયાને સમાજસેવાનું સાધન બનાવી શકાય

'જે જીવો આપણી વચ્ચે જીવે છે તેમની સાથે સારો વ્યવહાર કરીને, તેમના આત્માને જીવતાં જ શાંતિ આપવાનીને સુખી કરવાની જરુર છે. એવી રીતે જો કરી શકીએ તો આપણાં શ્રાદ્ધ મરણ પછીના નહીં પણ દરમ્યાનનાં થઈ જશે. તથા મરણ પછી ગરુડપુરાણ વાંચવાની, સપ્તાહ વાંચવાની કે શ્રાદ્ધ કરાવવાની જરુર નહીં રહે'

**પ્રશ્ન** : શ્રાદ્ધ કરવાથી કોઈ લાભ થાય છે ખરો?

ઉત્તર : કેવો લાભ?

પ્રશ્ન : મારું કહેવાનું એવું છે કે જેની પાછળ શ્રાદ્ધ કરવામાં આવે છે તેને તે પહોચે છે ખરું? અને જો ના પહોચતું હોય તો તેને કરવાનું શુંકામ? એ એક અજ્ઞાન નથી?



ઉત્તર : શ્રાદ્ધ જેને માટે કરવામાં આવે છે તેને પહોચે છે કે નહીં, તે કોણ કહીં શકે? એ આખોય વિષય ભાવના ને શ્રદ્ધાનો છે., માટે જ તેને શ્રાદ્ધ કહેવામાં આવે છે, તેથી નથી પહોંચતું તો પણ તેથી બીજા લાભ થાય છે કે નહીં તે જોવાનું છે.

પ્રશ્ન : બીજા ક્યા લાભ?

ઉત્તર : એ દિવસે શ્રાદ્ધ નિમિત્તે, મરેલા સબંધીઓની સ્મૃતિ થાય છે. તેમના જીવનમાંથી વિશેષ બોધપાઠ લઈ શકાય છે. એ કર્તવ્યનું પાલન કરવાની પ્રેરણા મળે છે, તથા યોજના બનાવી શકાય છે. શ્રાદ્ધ સિવાયના બીજા દિવસોમાં પણ એ બધું થઈ શકે છે ખરું પરંતુ શ્રાદ્ધનો દિવસ તો એ માટે જ નિમિત્ત થયો હોવાથી, એ દિવસે એ બધું વધારે ચોક્કસ રીતે, ને વધારે પ્રમાણમાં થઈ શકે છે.

પ્રશ્ન : બધાં લોકો એવું કરે છે ખરાં?

ઉત્તર : કરે છે કે નહીં એ જુદી વાત છે. પરંતુ કરવું જોઈએ હકીકત છે. શ્રાદ્ધની પાછળ આપણે એ ભાવનાને જોડી દીધી છે. એને લોકો ભૂલી ગયાં હોય એટલા જ પરથી એની કિંમત ઓછી થતી થી.

પ્રશ્ન : બીજો કોઈ લાભ છે ખરો?

ઉત્તર : એ દિવસે, એ બહાને, માણસ જરાક ઉદાર બનતો ને બીજાની સેવા કરતો થાય છે. જે લોકો ફાઈતું દિવસોમાં કોઈને કશું જ દાન નથી આપતાં, ને નથી ખવડાવતા, તેવા લોભી કે કંજૂસ લોકો પણ શ્રાદ્ધના

દિવસોમાં દાન આપે છે. અને બીજાને જમાડે છે. એ રીતે સમાજને એનાથી લાભ થાય છે. આજના જમાના પ્રમાણે દાનની પદ્ધતિમાં ફેરફાર કરીને શ્રાદ્ધની ક્રિયાને સમાજસેવાનું સાધન બનાવી શકાય છે. એમ થાય તો શ્રાદ્ધ કેવળ પિંડદાનને બ્રહ્મભોજન પૂરતું જ મર્યાદિત ન રહે, પણ વિદ્યાર્થીઓ, રોગીઓ, ગરીબો ને અનાથોની સેવામાં મદદરુપ બની શકે. લોકસેવામાં એ રીતે એ સુંદર ફાળો આપે.

પ્રશ્ન : શ્રાદ્ધમાં જે મોટા જમણવાર થાય છે એ વિષે આપને કંઈ કહેવાનું છે?

ઉત્તર : ઉપરની ચર્ચામાં એનો ઉત્તર આવી જાય છે. હું તો જ્યારે આ વિષય નીકળ્યો છે ત્યારે તમારું ધ્યાન બીજી તરફ દોરવા માગું છું કે, માણસના મરણ પછી જેટલા ભાવ ને ઉત્સાહથી શ્રાદ્ધ કરવામાં આવે છે તેથી પણ વધારે ભાવ ને ઉત્સાહથી એ જીવતો હોય ત્યારે આપણે એમની સેવા કરવી જોઈએ. માતાપિતાની સાથે ખરાબ વ્યવહાર કરનાર, ને તેમને ત્રાસ આપનારાં સંતાનો તે જીવતા હોય ત્યારે તેમને ઘી કે દૂધનો છાંટો પણ નથી આપતાં, સારું કપડું નથી પહેરાવતાં, ને સારી રીતે બોલાવતાં પણ નથી. તે જ બાળકો તેમના મરણ પછી તેમની પાછળ જમણવાર કરે છે અને અન્ન કે વસ્ત્રનું દાન દે છે. આ કઈ જાતનું શ્રાદ્ધ છે? આવા શ્રાદ્ધ કરનારનું કલ્યાણ ભાગ્યે જ થઈ શકે. માટે જે જીવો આપણી વચ્ચે જીવે છે તેમની સાથે સારો વ્યવહાર કરીને, તેમના આત્માને જીવતાં જ શાંતિ આપવાનીને સુખી કરવાની જરુર છે. એવી રીતે જો કરી શકીએ તો આપણાં શ્રાદ્ધ મરણ પછીના નહીં પણ દરમ્યાનનાં થઈ જશે. તથા મરણ પછી ગરુડપુરાણ વાંચવાની, સપ્તાહ વાંચવાની કે શ્રાદ્ધ કરાવવાની જરુર નહીં રહે. કરો તો પણ ઠીક ને ન કરો તો પણ ઠીક. કેમ કે મરણ પછી થતી સદગતિ કરતાં દરેક જીવ, જીવન દરમ્યાન ને આ જ શરીરમાં સદગતિ મેળવે એવી આપણી ભાવના હશે, અને એ માટે આપણી પ્રવૃત્તિ હશે.

(ધર્મનો મર્મમાંથી સાભાર)

---

## સર્વોત્તમ શ્રાદ્ધ

સ્વપ્નમાં શિશુને સ્નેહીનો સમાગમ થયો.

સ્નેહીએ કહ્યું : સારા શહેરમાં આજથી શ્રાદ્ધપક્ષ શરુ થાય છે. લોકો પોતપોતાના પરિજન, પ્રેમી તથા પૂજ્ય પુરુષો માટે મિષ્ટ ભોજન તૈયાર કરશે, અને એમને અનુરાગની અંજલી આપશે. કોઈ સરિતા કે સમુદ્રતટ પર વિધિપૂર્વધક એમની સદગતિ સારું ક્રિયા કરશે, કોઈ એમના આત્માની શાંતિ ને પ્રસન્નત માટે પ્રાર્થના કરશે. તું મારા માટે શું કરીશ?

શિશુએ પ્રેમપૂર્વક ઉત્તર આપ્યો : મારું તો સમસ્ત જીવન તમારા શ્રાદ્ધરુપ થઈ ગયું છે. અનાથ, અપંગ, અશિક્ષિત અને અનાદર પામેલાના પ્રાણને પ્રસન્ન કરવાની કે શાંતિ ધરવાની એમાં અનવરત આરાધના છે. સદવિચાર, સદગુણ ને સંસ્થાપનાની સતત, સુખકારક સાધના છે; પરમાત્માના પરમપ્રેમની પ્રતિષ્ઠા તથા પરમાત્માની પૂજા છે, મન અને ઈન્દ્રિયોની આહુતિ આપીને પ્રકાશની પ્યાસ છે. એ જીવન શું તમને શાંતિ નહીં આપી શકે? પ્રસન્ન નહીં કરી શકે? તથા તમારા શ્રેષ્ઠ શ્રાદ્ધરુપ નહીં બની શકે?

સ્નેહીએ કહ્યું : ધન્ય છે તમારી સમજશક્તિને, ને ધન્ય છે તારા સર્વોત્તમ શ્રાદ્ધને! હું તેથી સંતૃપ્ત ને શાંત જ છું. પરંતુ પ્રસન્ન થઈને તને મારો પરિચય આપવા જ, તારા સ્વપ્નમાં આજના પુનિત પર્વપ્રભાતે મેં પ્રવેશ કર્યો છે. હું તો સાચોસાચ સંતૃપ્ત ને શાંત જ છું.

- **શ્રી યોગેશ્વરજી**

-સંપાદક

## વર્તમાન સૃષ્ટિની રચનાને કેટલા વર્ષો વિત્યાં જાણો છો?

# ૧૫,૫૫,૨૧,૧૭,૧૯,૬૯,૬૨૫ વર્ષ!

## પૃથ્વી, દેવલોક અને બ્રહ્મલોકના સમયમાં છે યુગો સુધીનો તફાવત

ભારતીય સભ્યતા ૫૦૦૦ વર્ષ પુરાણી હોવાનું પશ્ચિમના વિદ્વાનો દ્વારા બતાવવામાં આવે છે અને તેમાં વિશ્વાસ ધરાવીને ભારતના પણ કેટલાક વિદ્વાનો આપણી ભારતીય સંસ્કૃતિને ૫ હજાર વર્ષ જૂની બતાવે છે. પરંતુ ભારતના પ્રાચીન ગ્રંથોમાં કાલગણનાની સૂક્ષ્માતિસૂક્ષ્મ ગણતરીઓ સાથેનું વર્ણન કરવામાં આવ્યું છે અને એ અનુસાર આપણી સભ્યતાને એટલો સમય વિતી ગયો છે કે આધુનિક વિજ્ઞાન ત્યાં સુધી પહોચવામાં તદ્દન વામણું છે. આપણાં વૈજ્ઞાનિકો તેની કલ્પના પણ કરી શકે તેમ નથી. વિષ્ણુપુરાણ સહિતના ગ્રંથોમાં મહર્ષિ વેદવ્યાસ દ્વારા સૃષ્ટિ રચના અને તેના સમય, પૃથ્વી, દેવલાકે અને બ્રહ્મલોકના સમયની ગણના કરવામાં આવી છે.

**૧૭,૨૮,૦૦૦ સૌરવર્ષનો સત્યયુગ**

**૧૨,૯૬,૦૦૦ સૌરવર્ષનો ત્રેતાયુગ**

**૮,૬૪,૦૦૦ સૌરવર્ષનો દ્વાપરયુગ**

**૪,૩૨,૦૦૦ સૌરવર્ષનો કળિયુગ**

| | |
|---|---|
| ૧ વર્ષ | દેવતાઓનો ૧ દિવ્યદિવસ |
| ૩૦ વર્ષ | દેવતાઓનો ૧ દિવ્યમાસ |
| ૩૬૦ વર્ષ | દેવતાઓનું ૧ દિવ્યવર્ષ |
| ૩૬૦૦૦ વર્ષ | દેવોનું આયુષ્ય ૧૦૦ દિવ્યવર્ષ |

સૃષ્ટિની રચના અંગે અનેક પ્રકારની માન્યતાઓ છે. એક માન્યતા મુજબ એક વિસ્ફોટ દ્વારા આ બ્રહ્માંડની રચના થઈ હતી. બીજી એક માન્યતા મુજબ માનવોને વાનરોમાંથી કાળક્રમે ઉત્ક્રાંતિ પામીને વર્તમાન બુદ્ધિશાળી માનવ પ્રજાતિ અસ્તિત્વમાં આવી હોવાનું માનવામાં આવે છે. જ્યારે ભારતીય કાળગણનામાં આપણાં ઋષિઓ દ્વારા હજારો વર્ષો પહેલા જ બ્રહ્માંડની ઉત્પતિ અને સમય અંગે પણ સચોટ વિગતો આપવામાં આવી છે.

જ્યારે આ સૃષ્ટિમાં કશું જ નહોતું ત્યારે એક માત્ર ઈશ્વરનું અસ્તિત્વ હતું અને ઈશ્વરની ઈચ્છાથી જ સૂક્ષ્મમાંથી સ્થૂળ રુપે આ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ હતી. વિષ્ણુ ભગવાનની નાભિમાંથી કમળની ઉત્પત્તિ થઈ અને તેમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માજીએ આ સૃષ્ટિ રચના કરી એ વાત પુરાણોમાં છે અને લગભગ ભારતના મોટા ભાગના લોકો તે જાણે છે.

સૃષ્ટિના આરંભમાં જે પ્રજાની ઉત્પત્તિ કરવામાં આવી તે લોકો હુપહુપ કરનારા વાનરો નહોતાં કે વિશ્વમાં આરંભની પ્રજાતિ અશિક્ષિત કે આદિવાસી જાતિ નહોતી પણ સુશિક્ષિત જ નહીં,

બ્રહ્મને જાણનારા લોકો હતાં. પ્રારંભમાં બ્રહ્માજી દ્વારા દક્ષ સહિતના માનસ પુત્રોની ઉત્પત્તિ કરાયા બાદ દક્ષના ૧૦ હજાર પુત્રોને દેવર્ષિ નારદજીએ બ્રહ્મજ્ઞાન આપીને સંસાર ત્યાગ કરાવીને સંન્યાસી બનાવી દીધાં હતાં. નારદજી પોતે પણ બ્રહ્મને જાણનારા હતાં. આ વાત પરથી સ્પષ્ટ થાય છે કે સૃષ્ટિના આરંભમાં લોકો ન તો વાનરમાંથી આવ્યાં હતાં કે ન તો અશિક્ષિત હતાં. અગ્નિની શોધ પણ બાદમાં થઈ નથી. ભારતના પ્રાચીન ગ્રંથોમાં અગ્નિ પણ એક દેવતા છે અને સૃષ્ટિના આરંભથી જ તેમનું અસ્તિત્વ હતું. ભારતીય સંસ્કૃતિમાં સાધુઓ દ્વારા ઉપયોગમાં લેવાતો ભગવો કલર પણ અગ્નિનું પ્રતિક છે અને જેમ હંમેશા અગ્નિની જ્વાળાઓ ઉપરની તરફ ઊઠે છે તેમ હંમેશા જીવનમાં ઊર્ધ્વ ગતિ કરવાની પ્રેરણા આપે છે.વેદોનું જ્ઞાન પણ અનાદિ છે અને કોઈ ગ્રંથ અનાદિ કેવી રીતે હોઈ શકે તેની પશ્ચિમના લોકો કલ્પના પણ કરી શકે તેમ નથી.

ભારતીય કાલગણના અનુસાર પૃથ્વીના સમયને મુખ્ય ચાર યુગોમાં વહેચવામાં આવ્યો છે અને સતયુગ, ત્રેતાયુગ, દ્વાપર યુગ અને કળિયુગ એ રીતે મુખ્ય ચાર યુગોનો એક મહાયુગ બને છે. હાલમાં કળિયુગનો સમય ચાલી રહ્યો છે અને એ પહેલા ત્રણ યુગો વિતી ગયાં છે.

સતયુગ ૪૮૦૦ દિવ્ય વર્ષ, ત્રેતા યુગ ૩૬૦૦ દિવ્ય વર્ષ, દ્વાપર યુગ ૨૪૦૦ દિવ્ય વર્ષ અને કળિયુગ ૧૨૦૦ દિવ્ય વર્ષોનો છે. આ દિવ્ય વર્ષ એટલે પૃથ્વી પરના સૌર વર્ષો નથી પણ દેવતાઓના વર્ષો છે. પૃથ્વી ઉપર એક સૌર વર્ષ વિતવાની સાથે દેવતાઓનો એક દિવસ પૂર્ણ થાય છે. આવી રીતે ૩૦ દિવસ એટલે કે આપણાં ૩૦ વર્ષોનો દેવતાઓનો એક માસ થાય છે. આવા ૧૨ માસ એટલે કે ૩૬૦ વર્ષો વિતે ત્યારે દેવતાઓનું એક દિવ્ય વર્ષ થાય છે. આ રીતે આ ચારેય યુગોના વર્ષોને ૩૬૦ માનવ વર્ષોથી ગુણતા દરેક યુગના માનવ વર્ષો મેળવી શકાય છે.

વ ત ા ર્ મ ા ન ા

ચતુર્યુગીમાંથી ત્રણ યુગો વિતી ગયાં છે અને અત્યારે ચોથો કળિયુગ ચાલે છે અને કળિયુગના પાંચ હજાર વર્ષો વિતી ગયાં છે એમ ગણવામાં આવે તો આ ચતુર્યુગીના ૩૮ લાખ ૯૩ હજાર વર્ષો વીતી ગયાં છે.

પૃથ્વી પર ચારેય યુગોનું ચક્ર પૂર્ણ થાય તેને એક મહાયુગ કહેવામાં આવે છે. આવા ૧૦૦૦ મહાયુગ પૂરા થાય ત્યારે બ્રહ્માજીનો એક દિવસ થાય છે. એટલી જ લાંબી બ્રહ્મલોકની રાત્રી હોય છે. પૃથ્વી પર આવા ૧૦૦૦ મહાયુગને એક કલ્પ કહેવામાં આવે છે અને આવા બે કલ્પથી બ્રહ્માની અહોરાત્ર એટલે કે એક દિવસ અને એક રાત બને છે. આવી રીતે બ્રહ્માના ૫૦ વર્ષ પુરા થાય ત્યારે એક પરાર્ધ પૂર્ણ થાય છે.

આ રીતે હાલના જે બ્રહ્મા છે તેમનો એક પરાર્ષ

**૧૦૦૦** મહાયુગ
બ્રહ્માનો ૧ દિવસ, ૧ કલ્પ

**૨૦૦૦** મહાયુગ
બ્રહ્માજીના ૧ દિવસ -રાત, ૨ કલ્પ

**૨,૫૯,૨૦,૦૦,૦૦,૦૦૦**
માનવ વર્ષનો બ્રહ્માજીનો માસ

**૩૧,૧૦,૦૪,૦૦,૦૦,૦૦૦**
માનવ વર્ષનું બ્રહ્માજીનું વર્ષ

**૫૦** બ્રહ્મા વર્ષ
૧ પરાર્ધ

**૨** પરાર્ષ
બ્રહ્માજીના ૧૦૦ વર્ષ

**૧** મહાકલ્પ
૧ બ્હ્માજીના ૧૦૦ વર્ષનો જીવનકાળ

**૩૧,૧૦,૪૦,૦૦,૦૦,૦૦,૦૦૦**
મનવ વર્ષનું ૧ બ્રહ્માનું આયુષ્ય

તો પૂર્ણ થઈ ગયો છે જે ૧૫૬, ૫૦૨, ૦૦૦,૦૦૦,૦૦૦ વર્ષોનો હતો! એ પછી બ્રહ્માનું ૫૧મું વર્ષ શરુ થયું છે અને પૃથ્વી ઉપર દ્વિતીય પરાર્ધ શરુ થયો છે. બ્રહ્માના ૫૧માં વર્ષનો પહેલો જ દિવસ છે અને હજુ તો સવારના ૯ વાગ્યા આસપાસનો સમય છે. આ જે દ્વિતીય પરાર્ધ શરુ થયો છે તેમાં આ પહેલા ૨૭ મહાયુગ પુરા થઈ ગયાં છે એટલે કે ૨૭ વખત સતયુગથી કળિયુગ સુધીનો સમય પૂરો થઈ ગયો છે. હાલમાં દ્વિતીય પરાર્ધનો ૨૮મો કળિયુગ ચાલી રહ્યો છે.

પૃથ્વી ઉપર ૭૧ મહાયુગ (ચતુર્યુગ) પુરા થાય ત્યારે ૧ મન્વંતર થાય છે. દરેક મન્વંતરના મનુ અલગ અલગ હોય છે. એક મન્વંતરમાં ૩૦૬,૭૨૦,૦૦૦ વર્ષ હોય છે. દરેક મન્વંતર પછી એક સંધીકાળ આવે છે જે ૧૭૨૮૦૦૦ વર્ષોનો હોય છે અને આ સમય દરમિયાન પૃથ્વી પર પ્રલય થઈ જાય છે અને આખી પૃથ્વી જળમગ્ન થઈ જાય છે. આવા ૧૪ મન્વંતર થાય ત્યારે ૧ કલ્પ થાય છે. પૃથ્વી ઉપર એક કલ્પ ૮૬૪,૦૦૦,૦૦૦૦ વર્ષોનો હોય છે. દરેક કલ્પ બાદ પૃથ્વી પર મહાપ્રલય થઈ જાય છે. બ્રહ્માના ૧ માસમાં આવા ૩૦ ક્લપ હોય છે અને તે દરેકના અલગ અલગ નામ છે. હાલમાં શ્વેતવારાહ નામનો કલ્પ ચાલી રહ્યો છે. બધા કલ્પના ૧૪ મન્વંતર હોય છે અને હાલના કલ્પના ૧૪ મન્વંતરો પૈકી સાતમા વૈવસ્ત નામના મનુનો મન્વંતર પૂરો થયો છે.

પ્રાચીન ગ્રંથોમાં માનવજાતિના ઈતિહાસને પાંચ કલ્પોમાં વહેંચવામાં આવ્યો છે. હેમંત કલ્પ ૯૦૯૮૦૦ વિક્રમ પૂર્વથી ૮૫૮૦૦ વિક્રમ પૂર્વ સુધી, હિરણ્યગર્ભ કલ્પ ૮૫૮૦૦ વિક્રમ સંવત પૂર્વથી ૬૯૮૦૦ વિક્રમ પૂર્વ, બ્રાહ્મ કલ્પ ૬૦૮૦૦ વિક્રમ પૂર્વથી ૩૭૮૦૦ વિક્રમ પૂર્વ, પાદ્મ કલ્પ ૩૭૮૦૦ વિક્રમ પૂર્વથી ૧૩૮૦૦ વિક્રમ પૂર્વ અને વિક્રમ સંવતના ૧૩૮૦૦ વર્ષ પૂર્વેથી વરાહ કલ્પ શરુ થયો હતો જે હાલમાં ચાલી રહ્યો છે. વારાહ કલ્પમાં અત્યાર સુધીમાં સ્વયંભુ મનુ, સ્વરોચિત મનુ, ઉત્તમ મનુ, રેવત મનુ, ચાક્ષુષ મનુ અને વૈવસ્ત નામના મનુના મન્વંતર પૂરા થયાં છે. હવેનો સમય વૈવસ્ત અને સાવરણી મનુની અંતર્દશાનો છે.સારણી મનુનો આવિર્ભાવ વિક્રમ સંવતના આરંભ પહેલાના ૫૬૩૦ વર્ષો પહેલા શરુ થઈ ગયો છે.

આવી રીતે સૌ દિવ્ય વર્ષો બાદ ઈન્દ્રનું આયુષ્ય પૂરું થાય છે અને નવા ઈન્દ્ર આવે છે. એક ઈન્દ્રનું આયુષ્ય ૩૬૦૦૦ માનવ વર્ષો જેટલું છે. આ રીતે વર્તમાનમાં જે બ્રહ્મા છે તેમનું આયુષ્ય પણ ૧૦૦ બ્રહ્માના વર્ષોનું છે. એ પછી નવા બ્રહ્મા આવે છે. આ રીતે સૃષ્ટિનો ક્રમ ચાલ્યાં જ કરે છે. બ્રહ્માના એક જ દિવવસમાં પૃથ્વી ઉપર મહાપ્રલય આવી જાય છે. અને પુનઃ પુનઃ સૃષ્ટિનું નિર્માણ, પોષણ અને પ્રલયનું ચક્ર ચાલ્યાં કરે છે.

હાલમાં આપણા વૈજ્ઞાનિકો અને પુરાતત્વવિદ્દો ખોદકામ વગેરે દ્વારા આયુષ્ય નક્કી કરે છે તે પદ્ધતિ ઘણી જ વામણી છે અને કેટલીએ વખત પ્રલયમાં બધું જ નાશ પામતું હોવાથી ત્યાં સુધી પહોચવાનું તો ઠીક પણ તેની કલ્પના પણ કરી શકે તેમ નથી. આથી ભારતની કાલગણના તેના કરતાં એટલી આગળ છે કે ત્યાં પહોચી શકાય તેવી સ્થિતિ જ નથી. તેને લેબોરેટરી દ્વારા જાણી નહીં શકાય. ભારતના ઋષિઓએ આ જ્ઞાન પોતાના આત્મજ્ઞાન અને યોગની મદદથી પ્રાપ્ત કર્યું છે અને તેને એ રીતે જ જાણી શકાય તેમ છે.

વિશ્વમાંઅન્ય ક્યાંય પણ આટલી લાંબી કાળગણનાનુંઅંકન થયુંજ નથી. ભારતની એક કલ્પની જે ગણના છે તેને ગિનિસસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા વિશ્વની સૌથી લાંબી કાળગણના તરીકે ઘોષિત કરવામાંઆવીછે.

ટાઈમ ટ્રાવેલ

-સંપાદક

## સતયુગના સમયમાં લોકોના શરીરની ઊંચાઈ ખૂબ જ મોટી હોવાનું પણ પ્રમાણ

# ભારતમાં સમયયાત્રાના અદભૂત પ્રયોગો!

### સતયુગમાં જન્મેલી કન્યાના દ્વાપરયુગમાં વિવાહઃ મુચુકંદ રાજાએ કરી હતી સમય સફર!!

**સ**મયયાત્રા એટલે કે ટાઈમ ટ્રાવેલ એ લગભગ તમામ લોકો માટે ખૂબ જ દિલચસ્પ વિષય છે. હાલના વૈજ્ઞનિકો પણ આ મુદ્દે સંશોધનો કરી રહ્યાં છે અને સમયમાં યાત્રા કરવી સંભવ છે તેમ વૈજ્ઞાનિકોનું પણ માનવું છે. જો કે હજુ સુધી તેમાં ખાસ સફળતા મળી નથી. સમયના સાક્ષેપવાદના સિદ્ધાંતનો આવિષ્કાર થયો એ પહેલાથી જ ભારતમાં પ્રાચીનકાળમાં પણ સમયમાં યાત્રા કરવાના પ્રયોગો થતાં હતાં જેનો ઉલ્લેખ ભારતના ઈતિહાસ સમા આપણાં પુરાણોમાં મળે છે.

ચૈતન્યમાં સ્થિત મહાનુભાવો માટે સ્થળ કે કાળનું કોઈ બંધન નથી. તેઓ માટે ભવિષ્ય પણ વર્તમાનમાં જ હોય છે. આ સત્યને ભારતના અનેક ઋષિઓએ અનુભવ્યું છે અને તેના આધારે જ તેમને ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું જ્ઞાન થતું હતું. આજનું વિજ્ઞાન હજુ ત્યાં સુધી પહોચી શક્યું નથી પણ જ્યારે પહોચશે ત્યારે તેમને સત્યનો અનુભવ થશે. ભારતમાં દ્વાપરયુગમાં સમયયાત્રાના કેટલાક પ્રયોગો મળે છે જે આશ્ચર્યમાં મૂકી દે તેવા છે.

શ્રીમદ ભાગવતના નવમા સ્કંધમાં ભગવાન શ્રીકૃષ્ણના મોટા ભાઈના લગ્નની કથા છે. સતયુગમાં મહારાજા કુકુદમી પોતાની પુત્રીના વિવાહની ચિંતાથી વ્યથિત હતાં અને યોગ્ય વર મળતો ન હોવાથી પોતાની પુત્રીને સાથે લઈને બ્રહ્મલોકમાં બ્રહ્માજીની સલાહ લેવા માટે ગયાં હતાં. ત્યાં ગયાં ત્યારે ગાંધર્વોનું નૃત્ય ચાલી રહ્યું હતું અને તે પૂર્ણ થતાં સુધી બન્નેને રાહ જોવી પડી હતી. આ દરમિયાન પાંચેક મિનિટ જેટલો સમય વિતી ગયો હતો.

નૃત્ય પૂર્ણ થતાંની સાથે જ બ્રહ્માજી સાથે આ અંગે વાતચીત કરીને યોગ્ય વર શોધવા માટે માર્ગદર્શન આપવાની વિનંતી કરતાની સાથે જ બ્રહ્માજીએ કહ્યું કે, તમે અહીં બ્રહ્મલોકમાં આટલો સમય રોકાયા તે દરમિયાન પૃથ્વી પર યુગો વિતી ગયાં છે. સત્યયુગ તો ક્યારનો પૂર્ણ થઈ ગયછો છે અને ત્રેતાયુગ પણ ચાલ્યો ગયો છે. એ સમયમાં જે લોકો પૃથ્વી પર હતાં તે લોકો કે સ્થળનું અસ્તિત્વ પણ બદલાઈ ગયું છે. જેથી બ્રહ્માજીએ સલાહ આપી કે તેઓ જ્યારે પૃથ્વી પર જશે ત્યારે દ્વાપર યુગ ચાલતો હશે અને ભગવાને એ સમયે શ્રીકૃષ્ણનારુપે અવતાર ધારણ કર્યો હોવાથી તેમના મોટા ભાઈ બલરામ સાથે રેવતીના વિવાહ કરાવવા માટે તેમણે સલાહ આપી હતી.

પિતાપુત્રી માત્ર પાંચ જ મિનિટના સમયમાં સમયની લાંબી યાત્રા કરીને સતયુગમાંથી દ્વાપરયુગમાં આવી ગયાં હતાં. આ ખરેખર જ અદ્દભૂત ઘટના છે. રેવતી અને તેના પિતા જ્યારે બલરામને મળ્યાં ત્યારે રેવતીની શરીરની ઊંચાઈ સતયુગના સમયની હતી અને બલરામ કરતાં ખૂબ જ ઊંચી હતી. એ પરથી

સાબિત થાય છે કે આગળના યુગોમાં લોકોના શરીરની ઊંચાઈ ઘણી જ મોટી હતી જેમાં કાળક્રમે સતત ઘટાડો થતો ગયો છે. રેવતીની ઊંચાઈ બહુ જ મોટી હોવાથી બલરામજી દ્વારા તેના માથા પર પોતાનું હળ મૂકીને યોગવિદ્યાની મદદથી તેના શરીરની ઊંચાઈને દ્વાપરયુગના લોકોના શરીરની ઊંચાઈ જેઠલી બનાવવામાં આવી હતી.

સમયયાત્રા કઈ રીતે શક્ય છે તેનું રહસ્ય પણ આ સાચી ઘટનામાં છુપાયેલું છે. આ ઉપરાંત પૃથ્વી સિવાયના અન્ય લોકમાં જીવનની શોધમાં આપણા વૈજ્ઞાનિકો હજુ આગળ વધી શક્યાં નથી ત્યારે ભારતમાં સતયુગના સમયમાં લાખો વર્ષો પહેલા પણ એવા લોકો હતાં જે એક લોકમાંથી બીજા લોકમાં સફર કરી શકતાં હતાં. પુરાણોમાં જે સમયનું વર્ણન છે એ મુજબ બ્રહ્મલોક અને ધરતી લોકના સમયમાં એટલો તફાવત છે કે બ્રહ્મલોકમાં એક દિવસ અને રાત્રીનો સમય પૂરો થાય ત્યાં સુધીમાં અહીં ૨૦૦૦ ચતુર્યુગી પૂર્ણ થઈ જાય છે.

ઈસ્વીસનની ૨૦મી સદીમાં પશ્ચિમના વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન દ્વારા સમયના સાપેક્ષવાદનો સિદ્ધાંત રજૂ કરવામાં આવ્યો હતો. આ સિદ્ધાંત મુજબ જો કોઈ વ્યક્તિ પ્રકાશની ગતિથી ચાલવાવાળા અંતરીક્ષયાનમાં કે જો પોતે કોઈ રીતે પ્રકાશની ગતિથી ચાલીને અન્ય ગ્રહની યાત્રા કરીને પૃથ્વી ઉપર પરત ફરે અને આવું કરવામાં તેને છ માસ જેટલો સમય લાગે તો તેના શરીમાં છ માસ જેટલા જ ફેરફારો થયાં હશે અને છ માસનો જ સમય તેના માટે વિત્યો હશે પણ જ્યારે તે પૃથ્વી ઉપર પરત ફરશે ત્યારે અહીં કેટલાએ સો વર્ષો વિતી ગયાં હશે.

આ સિદ્ધાંતની શોધ થયાં પછી પણ હજુ સુધી તેને અમલમાં મૂકવાનું શક્ય બન્યું નથી કારણ કે પ્રકાશની ગતિની ઝડપથી યાત્રા કરી શકે તેવું કોઈ યાન બની શક્યું નથી. ત્યારે ભારતમાં સતયુગમાં પણ આ પ્રકારના પ્રયોગો વાસ્તવીકતામાં શક્ય બનતાં હતાં.

યોગવિદ્યાના માધ્યમથી જે શક્તિઓ પ્રાપ્ત થાય છે તેમાં ઊડવાની અને માત્ર એક જ ક્ષણમાં એક લોકમાંથી બીજા લોકમાં જવાની શક્તિનો પણ સમાવેશ થાય છે. સતયુગમાં આ પ્રકારના લોકો પ્રચુર પ્રમાણમાં હતાં અને તેથી આ પ્રકારની સિદ્ધિઓ એ સમયમાં ખૂબ જ સામાન્ય હતી. રામાયણમાં પણ હનુમાનજી દ્વારા વિરાટ રુપ ધારણ કરીને સૂર્યને ગળી જવાની ઘટનાનું વર્ણન છે. એ પણ યોગ દ્વારા જ સંભવ છે.

આવી જ એક બીજી સમયયાત્રાની ઘટના પુરાણોમાં છે તે રાજા મુચુકંદની છે. તેઓ રાક્ષસો સાથે યુદ્ધમાં દેવતાઓની મદદ કરવા માટે દેવતાઓ તરફથી લડવા માટે સ્વર્ગમાં સદેહે ગયાં હતાં અને તેઓના ત્યાંના નિવાસ દરમિયાન પૃથ્વી ઉપર એટલો બધો સમય પસાર થઈ ગયો હતો કે તેના સમયના કોઈપણ વ્યક્તિઓ જીવીત નહોતા.

કેટલીક સિદ્ધિઓનું રહસ્ય પામવા માટે આપણું વિજ્ઞાન હજુ ઘણું જ પાગળું છે જ્યારે યોગની મદદથી આપણાં ઋષિઓએ તે રહસ્યના મૂળ સુધી પહોચ્યાં હતાં. યોગમાં સૂર્ય પર સંયમ કરવાથી ભુવનનું જ્ઞાન થાય છે એટલે કે સમસ્ત બ્રહ્માંડની રચના, ગ્રહો, બીજા લોકમાં જીવન વગેરેનું જ્ઞાન મેળવી શકાય છે. આપણી સૂર્યમાળામાં ૯ ગ્રહો હોવાની શોધ પણ વૈદિકકાળમાં જ ભારતના ઋષીઓએ કરી લીધી હતી. આ જ રીતે યોગ દ્વારા શરીરમાં આવેલી નાડીઓ વગેરેનું જ્ઞાન પણ મેળવી શકાય છે અને એ રીતે જ શરીરમાં કેટલીફ નાડીઓ છે તેનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.

ભારતના આ તથ્યોને આધર બનાવીને આપણાં વૈજ્ઞાનિકો સંશોધન કરે તો તેઓ ઘણાં જ આગળ વધી શકે તેમ છે. કાળક્રમે તેમાં નવા સંશોધન થવાના બદલે આ વિદ્યા નામશેધ થઈ રહી છે.

ભારતીય સમય પામન

-સંપાદક

## સમયના સૌથી નાના, સૌથી મોટા પામનનો એકમ ભારત સિવાય અન્ય ક્યાંય નથી

# પરમાણુથી પરાર્ધ : લઘુથી વિરાટ સમય માપ

## પળ, વિપળ, ક્ષણ, નિમેષ સહિતના સમય માપન એકમોને ભારતીયો જ ભૂલી ગયાં

ભારત સહિતના દેશોમાં દીર્ઘકાળ સુધી અંગ્રેજોના શાસનના કારણે ભારતમાં પણ આજે સેકન્ડ, મિનિટ, કલાકની સમય પામન પદ્ધતિ ઉપયોગમાં છે. ભારતની પોતાની કાળગણના હોવા છતાં અને તે ઘણી જ સૂક્ષ્મ, સ્પષ્ટ તથા ઉપયોગી હોવા છતાં પણ આપણાં જ દેશના લોકો તેને ભૂલી ગયાં છે, ભૂલી રહ્યાં છે. અંગ્રેજી કાળગણના મુજબ તારીખ રાત્રીના ૧૨ વાગ્યે બદલાય છે આ કારણે ભારતમાં પણ મોટા ભાગનો વર્ગ એવું માને છે કે આપણી તિથિ પણ રાત્રે ૧૨ વાગ્યે બદલાઈ જાય છે. જયારે એવું નથી. ભારતીય કાલગણના મુજબ એક દિવસ અહોરાત્ર એટલે કે સૂર્યોદયથી સૂર્યોદય સુધીનો ગણવામાં આવે છે અને જ્યાં સુધી નવા દિવસનો સૂર્ય ન ઊગે ત્યાં સુધી દિવસ બદલાતો નથી. આવો આજે આપણે ભારતીય કાલગણના અને તેના એકમો વિષે વિસ્તૃત માહિતી મેળવીએ.

**પરમાણું :** ભારતના ઋષિઓ દ્વારા સમયને માપવા માટે સૌથી નાનામાં નાનો અંશ અને સૌથી વિરાટ એકમોનો પણ ઉપયોગ કરવામાં આવતો હતો તેમાં પરમાણુ એ સમયનો વિશ્વનો સૌથી નાનો અંશ છે.હાલમાં પ્રચારમાં સમયના સૌથી નાનામાં નાના અંશ તરીકે સેકન્ડ ઉપયોગમાં છે. આ એક સેકન્ડ એટલે કે ત્રણ નિમેષ થાય છે. નિમેષ એટલે કે આંખની પાપણી ફરકતા જેટલો સમય લાગે તે. બે પરમાણુ એટલે એક અણુ, આવા ત્રણ અણું એટલે એક ત્રસરેણુ, ત્રણ ત્રસરેણુ એટલે એક ત્રુટિ, ૧૦ ત્રુટિ એટલે એક પ્રાણ, ૧૦ પ્રાણ એટલે એક વેધ, ત્રણ વેધ એટલે એક લવ અથવા ૬૦ રેણુ, ત્રણ લવ એટલે એક નિમેષ થાય છે. ત્રણ નિમેષ થાય ત્યારે એક સેકન્ડ જેટલો સમય થાય છે. તે રીતે પરમાણુ એ સમયનો કેટલો નાનામાં નાનો એકમ છે તેની સહજતાથી કલ્પના કરી શકાય છે. આ રીતે ખૂબ જ સૂક્ષ્મ અને સ્પષ્ટ રીતે

| તિથિઓના નામ |
|---|
| પ્રતિપદા |
| દ્વિજ |
| તૃતિયા |
| ચતુર્થી |
| પંચમી |
| ષષ્ટી |
| સપ્તમી |
| અષ્ટમી |
| નવમી |
| દસમી |
| એકાદશી |
| દ્વાદશી |
| ત્રયોદશી |
| ચતુર્દશી |
| પૂર્ણિમા |
| અમાવાસ્યા |

| ઋતુઓના નામ |
|---|
| હેમંત |
| શિશિર |
| વસંત |
| ગ્રીષ્મ |
| વર્ષા |
| શરદ |

| મહિનાઓના નામ |
|---|
| કારતક |
| માગશર |
| પોષ |
| મહા |
| ફાગણ |
| ચૈત્ર |
| વૈશાખ |
| જ્યેષ્ઠ |
| અષાઢ |
| શ્રાવણ |
| ભાદ્રપદ |
| આસો |

ભારતમાં સમયનું માપન કરવામાં આવતું હતું.

**સમયના અન્ય લઘુમાપ :** દિવસ દરમિયાન સમયની ગણના કરવા માટે ઉપયોગમાં આવતા સમયના અન્ય માપ પર નજર નાખીએ તો બે નિમેષ એટલે એક વિપળ અને આવી ૬૦ વિપળની એક પળ થાય છે. ત્રણ નિમેષ એટલે એક ક્ષણ, પાંચ નિમેષ એટલે બે સહી અથવા બે ત્રટિ અથવા એક બટા કે જે એક સેકન્ડ કરતાં થોડોક ઓછો સમય થાય. ૨૦ નિમેષ એટલે કે ચાર સેકન્ડનો સમય ત્યારે એક પ્રાણ થાય, પાંચ ક્ષણની એક કાષ્ટા થાય, આવી ૧૫ કાષ્ટા એટલે એક દંડ, એક લઘુ અથવા તો એક નાડી થાય એટલે કે એ સમય ૨૪ મિનિટ જેટલો થાય, આવા બે દંડનું એક મૂહુર્ત થાય છે. એક પ્રહરમાં ત્રણ મૂહુર્ત હોય છે. એક દિવસમાં ચાર પ્રહર અને એ જ રીતે રાત્રિના પણ ચાર પ્રહર હોય છે.

**સમય માપન એકમો**

પરમાણું
અણું
ત્રસરેણુ
ત્રુટિ
પ્રાણ
વેધ
લવ
રેણુ
વિપળ
સહી
બટા
નિમેષ
કાષ્ટા
દંડ,લઘુ, નાડી
મુહૂર્ત
ઘડી
પ્રહર
યામ
અહોરાત્ર
પક્ષ
માસ
ઋતુ
અયન
વર્ષ
દશાબ્દ
શતાબ્દ
યુગ
ચતુર્યુગ
મન્વંતર
કલ્પ
પરાર્ધ

## દિવસ અને રાત્રિના ચોઘડીયાં

### દિવસનાં ચોઘડિયા

| થી | સુધી | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|---|---|
| 6:00 AM | 7:30 AM | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચર | કાલ |
| 7:30 AM | 9:00 AM | ચર | કાલ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| 9:00 AM | 10:30 AM | લાભ | શુભ | ચર | કાલ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| 10:30 AM | 12:00 PM | અમૃત | રોગ | લાભ | શુભ | ચર | કાલ | ઉદ્વેગ |
| 12:00 PM | 1:30 PM | કાલ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચર |
| 1:30 PM | 3:00 PM | શુભ | ચર | કાલ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| 3:00 PM | 4:30 PM | રોગ | લાભ | શુભ | ચર | કાલ | ઉદ્વેગ | અમૃત |
| 4:30 PM | 6:00 PM | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચર | કાલ |

### રાત્રીનાં ચોઘડિયા

| થી | સુધી | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|---|---|
| 6:00 PM | 7:30 PM | શુભ | ચર | કાલ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| 7:30 PM | 9:00 PM | અમૃત | રોગ | લાભ | શુભ | ચર | કાલ | ઉદ્વેગ |
| 9:00 PM | 10:30 PM | ચર | કાલ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| 10:30 PM | 12:00 AM | રોગ | લાભ | શુભ | ચર | કાલ | ઉદ્વેગ | અમૃત |
| 12:00 AM | 1:30 AM | કાલ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચર |
| 1:30 AM | 3:00 AM | લાભ | શુભ | ચર | કાલ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| 3:00 AM | 4:30 AM | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચર | કાલ |
| 4:30 AM | 6:00 AM | શુભ | ચર | કાલ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |

**દિવસ માસ, વર્ષ** : એક દિવસમાં એક દિન અને એક રાત્રિ હોય છે અને કુલ આઠ પ્રહર હોય છે. દિવસ સૂર્યોદયથી સૂર્યોદયનો ગણવામાં આવે છે જેને અહોરાત્ર કહે છે. આ રીતે ૧૫ દિવસોનો એક પક્ષ થાય છે. એક મહિનામાં બે પક્ષ હોય છે જેના નામ શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ છે. બે પક્ષનો એક મહિનો થાય છે. આવા ૧૨ મહિનાઓનું એક વર્ષ થાય છે. ભારતમાં ચંદ્રની ગતિ, સૂર્યની ગતિ અને નક્ષત્રોની ગતિ એમ ત્રણ પ્રકારે વર્ષની ગણના કરવામાં આવે છે. એક વર્ષમાં એક સંવત્સર હોય છે. આ રીતે ભારતમાં જુદી જુદી પદ્ધતિઓ મુજબ અનેક પ્રકરની સંવત્સરો અસ્તિત્વમાં છે. તેમાં પણ મહિનાની ગણના અને વર્ષના આરંભ માટે અલગ અલગ પદ્ધતિઓ હોય છે.

હાલમાં ગુજરાતમાં વિક્રમ સંવત પ્રચલિત છે. તેમાં ખાસ કરીને ગુજરાતના લોકો દ્વારા મહિનાનો આરંભ અમાસ પછીના બીજા દિવસથી કરવામાં આવે છે. તેને અમાવસ્યાંત પદ્ધતિ કહેવામાં આવે છે. જ્યારે ભાતના બીજા રાજ્યોમાં મહિનાનો આરંભ પૂર્ણિમા પછીના બીજા દિવસથી કરવામં આવે છે જેને પૂર્ણીમાંત પદ્ધતિ કહેવામાં આવે છે. એટલે ગુજરાતમાં મહિનાના આરંભમાં શુક્લ પક્ષ પહેલા આવે છે અને પછી કૃષ્ણ પક્ષ હોય છે જ્યારે અન્ય રાજ્યોમાં કૃષ્ણપક્ષ પહેલા આવે છે અને એ પછી શુક્લપક્ષ હોય છે. આ રીતે ગુજરાતમાં અન્ય રાજ્યોનીસ તુલનામાં દરેક મહિનો ૧૫ દિવસ પછી શરુ થય છે. આ જ કારણ છે કે શ્રાવણ મિનાની અમાસને ભાદરવી અમાસ કહેવામાં આવે છે. અન્ય રાજ્યોમાં ત્યારે ભાદરવા મહિનાની અમાસ હોય છે.

આ જ રીતે ભારતમાં પ્રાચીન કાળ ગણના મુજબ નવા વર્ષનો આરંભ ચૈત્ર મહિનાના આરંભથી થાય છે અને એ દિવસને સૃષ્ટિનો પ્રથમ દિવસ પણ કહેવામાં આવે છે. જ્યારે ગુજરાતમાં કારતક મહિનાથી નવા વર્ષનો આરંભ થાય છે.

એક વર્ષમાં બાર માસ, છ ઋતુઓ કે જે બે બે મહિનાની હોય છે અને ઉત્તરાયણ તથા દક્ષિણાયન એમ બે અયન હોય છે જે છ મહિનાના હોય છે. આ રીતે વર્ષને અબ્દ પણ કહેવામાં આવે છે. ૧૦ વર્ષે દશાબ્દ, ૧૦૦ વર્ષે શતાબ્દ હોય છે. આ જ રીતે યુગોને ગણવાથી યુગાબ્દ થાય છે.

**વિરાટ કાલગણના** : ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા સત્તાવાર રીતે ભારતની કાલગણનાના એકમ કલ્પને વિશ્વની સૌથી લાંબી કાલગણનાનો દરજ્જો આપવામાં આવ્યો છે. પણ ભારત પાસેતો એનાથી પણ વધું મોટું એકમ પરાર્ધ છે જે વિશ્વની સૌથી લાંબી કાલગણનાનું એકમ છે.

**યુગ** : યુગોને ચાર ભાગમાં વહેચવામાં આવ્યાં છે. ૧૭ લાખ ૨૮ હવાર વર્ષનો સતયુગ, ૧૨ લાખ ૫૬ હજાર વર્ષનો ત્રેતાયુગ, ૮ લાખ ૬૪ હજાર વર્ષનો દ્વાપરયુગ અને ૪ લાખ ૩૨ હજાર વર્ષનો કળિયુગ હોય છે. ચાર યુગોને મહાયુગ કહેવાય છે. ૭૧ મહાયુગોનો એક મન્વંતર, ૧૪ મન્વંતરોનો ૧ કલ્પ થાય છે. કલ્પ એ બ્રહ્માજીનો એક દિવસ છે. આવી રીતે બ્રહ્માજીના ૫૧ વર્ષ થાય ત્યારે એક પરાર્ધ થાય છે. હાલમાં જે બ્રહ્મા છે તેમના ૫૦ વર્ષ પૂરા થઈ ગયં છે અને એ મુજબ પૃથ્વી પર એક પરાર્ધ પૂરો થઈ ગયો છે અને હાલમાં બીજો પરાર્ધ શરુ છે. તેમાં પ્રથમ જ કલ્પમાં ૨૭ મહાયુગ પૂરા થઈ ગયાં છે અને આ ૨૮મા મહાયુગમાં ૨૮મો કળિયુગ ચાલુ છે. અત્યારે ૭ મન્વંતરો પૂરા થઈ ગયાં છે.

ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા કલ્પને વિશ્વના સૌથી લાંબા કાળના ઘટક તરીકે માન્યતા આપવામાં આવી છે. જ્યારે પરાર્ધ એ કલ્પ કરતાં પણ ક્યાંય મોટી સંજ્ઞા છે.

પંચાંગ

-એ. આર. ભટ્ટ

# ભારતીય પંચાંગ, તારીખિયાની વિશિષ્ટતાઓ

## દર ૩૦૩૦ વર્ષે એક મહિનો આવતો જ નથી : જે માસ હોય તે જ નક્ષત્ર જોઈ શકાય

**આ**જે આપણે આજે કઈ તારીખ છે અને ક્યો મહિનો છે એ જોવા માટે તારીખિયું વસાવવું પડે છે કે પછી મોબાઈલમાં રહેલા તારીખિયામાં જોવું પડે છે. હાલમાં વિશ્વમાં સામાન્ય રીતે જે તારીખિયું વપરાય છે એ ગ્રેગોરીયન કેલેન્ડર તરીકે ઓળખાય છે. એ જ્યાં શોધાયું ત્યાં એ સભ્યતા આસપાસના પર્યાવરણથી તદ્દન વિમુખ હોવાથી એમને સમયમાપનના એવા સાધનો વિકસાવવાની જરૂરિયાત જણાઈ. ઉપરાંત, કદાચ એ વિસ્તારના ખૂબ ઠંડા અને લાંબા શિયાળાને કારણે એ લોકોને બંધિયાર જગ્યામાં સમય માપન માટે સાધનો વિકસાવવાની જરુર લાગી હશે.

બહારની સભ્યતાઓએ આપણા પર આક્રમણ કર્યા અને આપણને ગુલામ બનાવ્યા પછી આપણાં મનમાં કેટલીક ગેરસમજ પણ વાવી દીધી અને એ કારણે આપણા જ હજારો વરસો પહેલા વિકસાવેલા અને આજે પણ ચોક્કસાઈવાળું કામ કરતા પંચાંગ અને તારીખીયાને લગભગ વિસારે જ પાડી દીધા છે.

આજે આપણે

આકાશદર્શન કરવાથી જે તે મહિનામાં એ જ નક્ષત્ર દેખાશે.

| અમાસે સૂર્ય, ચંદ્રની રાશિ | પૂર્ણિમાએ ચંદ્રની રાશિ | પૂર્ણિમાની રાત્રીએ ચંદ્રની સાથે નક્ષત્ર | મહિનો |
|---|---|---|---|
| મેષ | કન્યા | ચિત્રા | ચૈત્ર |
| વૃષભ | તુલા | વિશાખા | વૈશાખ |
| મિથૈન | ધનુ | જ્યેષ્ઠા | જેઠ |
| કર્ક | મકર | પૂર્વાષાઢા ઉત્તરાષાઢા | અષાઢ |
| સિંહ | કુંભ | શ્રવણ | શ્રાવણ |
| કન્યા | મીન | પૂર્વ ભાદ્રપદ ઉત્તર ભાદ્રપદ | ભાદરવો |
| તુલા | મેષ | આશ્લેષા | આસો |
| ધનુ | વૃષભ | કૃતિકા | કારતક |
| મકર | મિથુન | મૃગશિર્ષ | માગશર |
| કુંભ | કર્ક | પુષ્ય | પોષ |
| મીન | સિંહ | મઘા | મહા |

આપણાં પંચાંગ અને તારીખિયાની એવી કેટલીક વિશિષ્ટતાઓ વિષે વાત કરવી છે.

આજે ભારતભરમાં અનેક સ્થાનિક તારીખિયા વપરાશમાં છે ગુજરાતમાં મોટેભાગે જે તારીખિયું ઉપયોગમાં લેવાય છે એ વિક્રમસંવતની કાળગણના પદ્ધત્તિનો ઉપયોગ કરે છે. જેમાં અમાસ પછી પહેલા સુર્યોદય સાથે નવો મહિનો શરૂ થાય છે અને આસો નામના મહિનાના અંત સાથે વરસની પદ્ધત્તિનો ઉપયોગ કરે છે. જેમાં અમાસ પછી પહેલા સુર્યોદય સાથે નવો મહીનો શરૂ થાય છે અને આસો નામના મહિનાના અંત સાથે વરસની સમાપ્તિ થાય છે. પણ ગુજરાતના સાગરકાંઠા પર વસતા સાગરખેડું મિત્રો પૂર્ણિમાંત તારીખિયું ઉપયોગમાં લે છે. આ તફાવતને કારણે એક તહેવારનું નામ ગુંચવણભર્યુ બની રહે છે. એ છે ભાવનગર નજીકના કોળીયાક ગામ પાસે સમુદ્રમાં આવેલા શિવ મંદિર નિષ્કલંક મહાદેવનો મેળો જે શ્રાવણ મહીનાના અંતમાં પડતી અમાસને દિવસે યોજાય છે પણ લોકોમાં ભાદરવી અમાસના મેળા તરીકે ઓળખાય છે. કેમકે આ જગ્યાએ મેળો કરવાની શરુઆત સ્થાનિક સાગરખેડું પ્રજાએ કરી હતી. આમ મહિનાની ગણતરીમાં પણ ભારતીય તારીખિયામાં બે પ્રકાર જોવા મળે છે. સુદ પડવાથી અમાસ સુધીના દિવસોના જુથને મહિનો ગણવાની પદ્ધત્તિ અમાસાંત કહેવાય છે અને વદ પડવાથી પુનમ સુધીના દિવસોના જુથને મહિનો ગણવાની પદ્ધત્તિ પૂર્ણિમાંત કહેવાય છે.

હાલમાં ગમે તે પદ્ધતિ વપરાશમાં હોય, જૂના ગ્રંથો તપાસનારા લોકો એમ જણાવે છે કે પહેલા વરસ અને મહિનાની ગણતરી માટે એક જ પદ્ધત્તિ અસ્તિત્વમાં હતી અને એ પદ્ધત્તિમાં ભારતમાં દિવસ અને રાત્રીના કલાકો એક સરખા થાય એ પછીના પહેલા પડવાના દિવસની સવાર સાથે નવું વરસ શરુ કરવાનો રિવાજ હતો. એમાં પુર્ણિમાંત પંચાગવાળા માટે વદ પડવાની સવાર સાથે અને અમાસાંત પંચાગવાળા માટે સુદ પડવાનની સવારથી આ નવું વરસ શરુ થતું.

ઉપરાંત દિવસ અને રાત એક સરખા થાય ત્યારે આકાશમાં સૂર્યની સાથે જે નક્ષત્રો અને તારાઓની ભાત જોવા મળતી એને મેષ રાશિ કહેવાણી. આમ રાશીચક્ર અને તારીખિયું એક સાથે શરૂ થતાં.

મહિનાના નામ પાડવા માટે પણ એવી પદ્ધતિ શોધેલી છે કે અત્યારે ક્યો મહિનો ચાલે છે એ જાણવા માટે ફક્ત સુયાસ્ત પછી પૂર્વ દિશાનું આકાશ દર્શન કરવાથી જ ખબર પડી જાય છે. ઉદાહરણ તરીકે સુર્યાસ્ત પછી પૂર્વ દિશામાં ચિત્રા નક્ષત્ર ઊગતું દેખાય તો ચૈત્ર મહીનો છે. એ મહીનામાં પુનમની રાતે ચંદ્ર આખી રાત ચિત્રા નક્ષત્રની બાજુમાં જ જોવા મળશે.

આ દરમ્યાન ક્યારેક એવું થાય કે ઉપરાઉપરી બે અમાસના સમયે સૂર્ય એક જ રાશિમાં હોય તો પહેલો જે એ બન્ને મહિનાના નામ એકના એક જ હોય પણ અલગ તારવવા માટે પહેલા મહિના આગળ અધિક અને બીધની આગળ નિજ લગાડવામાં આવશે. ઉદાહરણ તરીકે આવતા મહિને અમાસને દિવસે સૂર્ય તુલા રાશિમાં હશે અને એ પછીની અમાસ પણ તુલા રાશિમાં જ છે એટલે આપણે બે આસો મહિના માણવા મળવાના છે. દર ૩૦માં મહિને આ સ્થિતિ સર્જાય છે એટલે કે દર ૩૦ મહિને અધિક માસ આવે છે.

આ ઉપરાંત એવું પણ બને છે દર ૩૦૩૦ વરસે બે અમાહની વચ્ચે સૂર્ય એક આખી રાશિ ગપચાવી જાય છે. એટલે કે પહેલી અમાસ તુલા રાશિમાં સર્જાઈ અને એ પછીની અમાસ ધનુને બદલે એક રાશી કુદાવીને મકર રાશીમાં સર્જાય છે. ત્યારે તારીખિયામાં એ એક મહીનો આવતો જ નથી.




## રાજાશાહી કાળમાં સમય, વર્ષની ગણના માટે બનાવાયેલા વિશાળ યંત્રો વિશ્વ ધરોહર

જંતર મંતર એ કોઈ જાદુનો મંત્ર નથી પણ ભારતમાં જયપુરના મહારાજા સવાઈ જયસિંહ દ્વિતીય દ્વારા જુદા જુદા સ્થળોએ બનાવવામાં આવેલી વેધશાળાઓ છે. તેમના દ્વારા ભગવાન ઈશુની ૧૭૨૪થી ૧૭૩૪ વચ્ચેની સદીના વર્ષોમાં જયપુર, દિલ્લી, વારાણસી, ઉજ્જેન અને મથુરામાં જંતર મંતરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. યૂનેસ્કો દ્વારા આ વેધશાળાઓને વિશ્વ ધરોહર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. જેતર મંતરમાં ૧૪ મુખ્ય યંત્રો છે જે સમય માપવા, ગ્રહણની ભવિષ્યવાણી કરવા, કોઈ પણ તારાની સૌર મંડળમાં સ્થિતિ જાણવા માટે, ગ્રહોના દિક્પાલ જાણવામાં સહાયક છે. આ યંત્રોને જોઈને ખ્યાલ આવે છે કે ભારતના લોકોને ગણિત અને ખગોળની જટિલ સંકલ્પનાઓનું એટલું ઊંડું જ્ઞાન હતું કે તેઓ તેને એક શૈક્ષણિક વેધશાળાનું રુપ આપી શકતાં હતાં, જેથી કોઈપણ તેની મદદથી ખગોળને લગતી સચોટ માહિતી મેળવી શકતું હતું. આજે પણ જયપુરમાં આ વેધશાળાના આધારે જ પંચાંગો તૈયાર કરવામાં આવે છે.

મહારાજા સવાઈ જયસિંહ દ્વારા આ વેધશાળાઓના નિર્માણ માટે વિશ્વના કેટલાએ દેશોમાં પોતાના દૂતોને મોકલીને ત્યાંથી ખગોળ વિજ્ઞાનના પ્રાચીન અને મહત્વપૂર્ણ ખગોળીય ગ્રંથોની પાંડુલીપીઓ મગાવી હતી. તેને પોતાના પુસ્તકાલયોમાં રાખીને તેના અધ્યયન માટે તેનો અનુવાદ પણ કરાવ્યો હતો. તે પછી તેમણે જયપુર, દિલ્લી, વારાણસી, ઉજ્જેન અને મથુરામાં કુલ પાંચ વેધશાળાઓનું નિર્માણ કરાવ્યું, આ કાર્ય માટે એ સમયના ભારતના મહાન જ્યોતિષીઓ અને ખગોળશાસ્ત્રીઓની મદદ લેવામાં આવી હતી. સૌ પ્રથમ તેમણે ઉજ્જેનમાં સમ્રાટ યંત્રનું નિર્માણ કરાવ્યું, તે પછી દિલ્લી જંતર મંતર વેધશાળા અને તેના ૧૦ વર્ષો પછી તેમણે જયપુરમાં જંતર મંતરનું નિર્માણ કરાવ્યું હતું. દેશની તમામ વેધશાળઓમાં જયપુર જંતર મંતર વેધશાળા સૌથી



જંતર મંતર, દિલ્લી



જંતર મંતર, ઉજ્જૈન



જંતર મંતર, વારાણસી

મોટી છે. તે કદમાં તો વિશાળ છે જ પણ શિલ્પ અને યંત્રોની દષ્ટિએ પણ બેનમૂન છે. હાલમાં જયપુર અને દિલ્લીના જંતર મંતર જ યોગ્ય રીતે કાર્ય કરે છે., બાકીના કાળની સાથે ખંડિત થઈ જવાના કારણે યોગ્ય રીતે કાર્ય કરતાં નથી અને હાલમાં કોઈ પણ આવી નવી વેધશાળાઓ બનાવી શક્યું નથી. એ પરથી તેમનું એ જ્ઞાન કેટલું અમોઘ હશે તેની કલ્પના કરી શકાય છે.

**વર્લ્ડ હેરિટેજમાં સ્થાનઃ**

યૂનેસ્કો દ્વારા ૧ ઓગષ્ટ ૨૦૧૦ના જંતર મંતર સમેત વિશ્વના સાત સ્મારકોને વર્લ્ડ હેરીટેજનો દરજ્જો આપવામાં આવ્યો હતો. આમાં જયપુર જંતર મંતર વેધશાળાને પણ વિશ્વ સ્મારક તરીકે ઘોષણા કરવામાં આવી હતી. બ્રાઝિલની રાજધાની બ્રાસીલીયામાં આવેલી વર્લ્ડ હેરિટેજ સમિતિએ ૩૪માં આંતરરાષ્ટ્રીય સંમેલનમાં આ વેધશાળાને વિશ્વ વિરાસતની શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું હતું. આ વેધશાળાને વિશ્વ ધરોહરનું સ્થાન આપવા માટે જે કારણો દર્શાવવામાં આવ્યાં હતાં તેમાં સૌથી મોટું કારણ એ હતું કે આટલા વર્ષો વિતી ગયાં હોવા છતાં પણ આ વેધશાળાના તમામ યંત્રો આજે પણ ઠીક અવસ્થામાં છે જેના માધ્યમથી મૌસમ, સ્થાનીય સમય, ગ્રહ, નક્ષત્રો, ગ્રહણ વગેરે ખગોળિય ઘટનાઓની એકદમ ચોક્કસ ગણના આજે પણ કરી શકાય છે. યૂનેસ્કો દ્વારા વિશ્વ ધરોહર તરીકે સ્થાન પામેલી આ ભારતની ૨૩મી ધરોહર છે.

૨૮૦થી વધુ વર્ષો પહેલા લાકડું, ચૂનો, પત્થર અને ધાતુમાંથી નિર્મિત આ યંત્રોની મદદથી આકાશીય ઘટનાના અધ્યયનની ભારતીય

વિદ્યાને પશ્ચિમના સંશોધકોએ અદભૂત માની છે. આ જ યંત્રોની મદદથી આજે પણ જયપુરના સ્થાનિક પંચાગનું નિર્માણ કરીને પ્રકાશિત કરવામાં આવે છે. અષાઢ પૂર્ણિમાના દિવસે ખગોળવિદો દ્વારા પવન ધારણા પ્રક્રિયાથી આવનારા વર્ષોની ભવિષ્યવાણી કરવામાં આવે છે.

જયપુરમાં આવેલી વેધશાળાઓમાં જે મુખ્ય યંત્રો છે તેમાં બૃહદ સમ્રાટ યંત્ર, જયપ્રકાશ યંત્ર, લઘુસમ્રાટ યંત્ર, રામયંત્ર, ધ્રુવયંત્ર, દક્ષિણાયંત્ર, નાડીવલયનયંત્ર, રાશિવલય, દિશાયંત્ર અને દિગંશ યંત્ર પ્રમુખ યંત્રો છે. આ ઉપરાંત ત્યાં મહત્વપૂર્ણ જ્યોતિષીય ગણનાઓ અને ખગોળીય અંકન માટે ક્રાંતિવૃત યંત્ર, યંત્ર રાજ વગેરે યંત્રોનો પણ ઉપયોગ કરવામાં આવતો હતો.

## ઉન્નતાંશ યંત્ર

જંતર મંતરના પ્રવેશદ્વારની ડાબી તરફ એક ચબૂતરાની બન્ને તરફ બે સ્તંભની વચ્ચે લટકતા ધાતુના વિશાળ ગોળાવાને ઉન્નતાંશ યંત્ર તરીકે ઓળખવામાં આવે છે. આ યંત્ર આકાશિય પિંડની કોણીય ઊંચાઈ માપવા માટેના ઉપયોગમાં લેવામાં આવે છે.

## દક્ષિણોદક ભિતિ યંત્ર

ઉન્નતાંશ યંત્રની પૂર્વમાં ઉત્તરથી દક્ષિણ દિશાના છેડે સુધી ફેલાયેલી એક ઈમારત દક્ષિણોદક યંત્ર તરીકે ઓળખાય છે. તેમાં સામેના ભાગે દિવારની બન્ને તરફ સીઢીઓ બનેલી છે. આ યંત્રની દિવારનો પૃષ્ઠભાગ સપાટ છે. આ યંત્ર મધ્યાહ્નના સમયમાં સૂર્યના ઉન્નતાંશ અને તેના દ્વારા સૂર્યની ક્રાંતિ તેમજ દિનમાન વગેરે જાણવા માટેના કામમાં આવે છે.

## દિશા યંત્ર

આ એક ખૂબ જ સરળ યંત્ર છે. જંતર મંતર પરિસરમાં વચ્ચોવચ એક મોટા વર્ગાકાર સમતળ ધરા પર લાલ પત્થરથી વિશાળ વૃત બનાવાવામાં આવ્યું છે અને તે કેન્દ્રમાં ચારેય દિશાઓમાં એક સમતોલ ક્રોસ બનાવે છે જેના આધારે કઈ દિશા કઈ તરફ છે તે જાણી શકાય છે.

## સમ્રાટ યંત્ર

જંતર મંતરમાં સૌથી વિશાળ યંત્ર આ સમ્રાટ યંત્ર છે. પોતાનામાં જ ભવ્યતા અને વિશાળકદના કારણે જ તેને સમ્રાટનું નામ આપવામાં આવ્યું છે. આ યંત્ર એટલું મોટું છે કે ધરાતળથી તેની ઊંચાઈ ૯૦ ફૂટ છે. આ યંત્રના માથાના ભાગે એક છત્રી બનેલી છે. આ યંત્ર ગ્રહ, નક્ષત્રોની ક્રાંતિ, વિષુવાંશ અને સમય જ્ઞાન માટે સ્થાપિત કરવામાં આવ્યું હતું.

## ષષ્ઠાંશ યંત્ર

ષષ્ઠાંશ યંત્ર એ સમ્રાટ યંત્રનો જ એક ભાગ છે. તે વલયાકાર યંત્ર સમ્રાટ યંત્રનો આધાર લઈને ચંદ્રના આકારમાં ગોઠવાયેલું છે. આ યંત્ર દ્વારા પણ ગ્રહ-નક્ષત્રોની સ્થિતિ અને અંશની જાણકારી મેળવી શકાય છે.

## જય પ્રકાશ યંત્ર

આ જયપ્રકાશ યંત્રનો આવિષ્કાર મહારાજા જયસિંહે સ્વયં કર્યો છે. કટોરીના આકારના આ યંત્રની બનાવટ બેજોડ છે. જંતર મંતર પરિસરમાં આ યંત્ર સમ્રાટ યંત્ર અને દિશા યંત્રની વચ્ચે સ્થિત છે. તેમાં કિનારાને ક્ષિતિજ માનીને અડધા ખગોળનું ખગોળીય પરિદર્શન થાય છે. સૂર્ય કઈ રાશિમાં છે તે પણ આ યંત્ર દ્વારા જાણી શકાય છે. જયપ્રકાશ ક અને જયપ્રકાશ ખ એમ બે યંત્રો છે અને તે બન્ને એકબીજાના પૂરક છે.

## નાડી વલય યંત્ર

આ યંત્ર પ્રવેશદ્વારના જમણા ભાગે આવેલું છે. તે બે ગોળાકાર ફલકોમાં વહેચાયેલું છે. તેના

કેન્દ્રબિંદુથી ચારે તરફ દર્શાવવામાં આવેલી વિભિન્ન રેખાઓના માધ્યમથી સ્થાનિય સમય જાણી શકાય છે. એ રીતે આ એક પ્રકારની ઘડિયાળ છે જે સૂર્યની મદદથી સ્થાનિક સમય આપે છે.

## ધ્રુવદર્શક યંત્ર

ધ્રુવદર્શક પટ્ટીકા ધ્રુવ તારાની સ્થિતિ અને દિશા જાણવા માટેનું સરળ સાધન છે. ઉત્તર-દક્ષિણ દિશા તરફની દિવાલ ક્રમશઃ દક્ષિણથી ઉત્તરની તરફ ઊઠેલી છે. તેના દક્ષિણ ભાગેથી આંદો દ્વારા દષ્ટિ કરવાથી ધ્રુવ તારાની સ્થિતિ સ્પષ્ટ થાય યછે.

## લઘુ સમ્રાટ યંત્ર

લઘુ સમ્રાટ યંત્ર ધ્રુવદર્શક પટ્ટીકાના પશ્ચિમમાં સ્થિત એક યંત્ર છે. તેને ત્યાંની ભાષામાં ધૂપ ઘડી પણ કહેવામાં આવે છે. આ યંત્રથી પણ સ્થાનિક સમયથી સટીક ગણના કરી શકાય છે. લાલ પત્થરોથી નિર્મિત આ યંત્ર સમ્રાટ યંત્રનો જ એક નાનકડો ભાગ છે તેથી જ તેને લઘુ સમ્રાટ યંત્ર કહેવામાં આવે છે.

## રાશિ વલય યંત્ર

આની સંખ્યા ૧૨ છે જે ૧૨ રાશિઓ દર્શાવે છે. પ્રત્યેક રાશિ અને તેમાં ગ્રહ નક્ષત્રોની અવસ્થિતિ દર્શાવતા ૧૨ યંત્રોની ખાસ વિશેષતા તેની બનાવટ છે. જોવામાં આ બધાં યંત્રો એક જેવા લાગે છે પણ આકાશમાં રાશિની સ્થિતિને દર્શાવતા આ દરેક યંત્રોની બનાવટ ભિન્ન ભિન્ન છે.

## ચક્ર યંત્ર

લોખંડના બે વિશાળ ચક્રોથી બનેલા આ આ યંત્રોની મદદથી ખગોળીય પિંડોના દિક્પાત અને તાત્કાલીક ભૌગોલિક નિર્દેશકોનું માપન કરી શકાય છે. આ યંત્ર રાશિ વલય યંત્રની ઉત્તરમાં સ્થિત છે.

## રામ યંત્ર

રામ યંત્રમાં સ્તંભોના વૃતની વચ્ચે કેન્દ્ર સુધી ડીગ્રીઓના ફલક દર્શાવવામાં આવ્યાં છે. આ ફલકોની મદદથી બધી જ મહત્વપૂર્ણ ખગોળીય ઘટનાઓની ગણના કરવામાં આવતી હતી. આ યંત્ર જંતર મંતરમાં પશ્ચિમ તરફની દિવાલ પાસે સ્થિત છે. આ જ યંત્રના બે લઘુ સ્વરુપ પણ તેની બાજુમાં છે.

## દિગંશ યંત્ર

આ યંત્ર દિગંશની માહિતી જાણવા માટેનું યંત્ર છે. ગોલીય નિર્દેષક પ્રણાલીમાં વિશેષ કોણ એટલે કે એંગલ એ દિગંત કહેવાય છે. જેમ કે, ધરતી ઉપર ઊભેલા કોઈપણ વ્યક્તિએ કોઈપણ તારાનો દિગંશ માપવો હોય તો ખગોળીય નિર્દેષાંક પદ્ધતિથી માપી શકે છે. જોનાર વ્યક્તિ તારાથી ઉત્તર ધ્રુવ સુધી એક કાલ્પનિક રેખા બનાવે છે. તેમાં ચારે તરફની ક્ષિતિજ સમતલ છે. આ પદ્ધતિથી મિસાઈલ વગેરેના ઉપયોગ માટે દિગંશ જાણી શકાય છે.

### યંત્રો આજેય આપે છે સટીક જાણકારી

જયપુરમાં આવેલી વેધશાળામાં તમામ યંત્રો આજે પણ એટલા જ કામ આપે છે અને તેના દ્વારા ખોગોળીય માહિતી મેળવી શકાય છે. જયપુરનું પંચાંગ આ યંત્રોની મદદથી જ તૈયાર કરવામાં આવે છે. આ કારણે જ તેને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મળ્યું હતું.

### મથુરાની વેધશાળા ૧૮૫૦માં નષ્ટ

અનેક વિદેશી આક્રાંતાઓના આક્રમણો થયાં છે અને તેમાં અનેક પોરાણિક સમયના મહત્વના અવશેષો પણ નામશેષ થઈ ગયાં છે. આ ઉપરાંત કુદરતી હોનારતોમાં પણ વિનાશ થયો છે. મથુરામાં આવેલી વેધરાળા ઈ. સ. ૧૮૫૦માં જ સંપૂર્ણ નાશ પામી છે.

-પૂજ્ય શ્રી મોટા

## આજે વિજ્ઞાને પણ સાબિત કર્યું કે સ્ત્રી પુરુષ વગર પણ સંતાનોની ઉત્પત્તિ શક્ય છે

# મંત્રોથી પ્રજોત્પત્તિ

## મહાભારતમાં જે ઈતિહાસ છે તે આજથી ઘણાં વર્ષો પછી પણ સાબિત થવાનો : શ્રી મોટા

**સ્વજન** : મોટા, આ પાંડવો મંત્રથી ઉત્પન્ન થયેલા?

**શ્રી મોટા** : હાલ મંત્રથી ઉત્પન્ન થયેલાં. એટલે મહાભારતમાં જે ઈતિહાસ છે તે આજથી ઘણાં વર્ષો પછી પણ સાબિત થવાનો કે સ્ત્રીપુરુષના સંભોગ વિના પણ બાળકો પેદા થઈ શકે છે. એ હકીકત ઘણાં વર્ષો પછી સાબિત થશે. જે હકીકત બની છે તેને હું સાચી નામું છું, કારણ કે એટલું બધું સંકલ્પબળ હોય છે. આજે શક્ય લાગતું નથી, પણ સાયન્સે તો શક્ય કર્યું કે વીર્યથી એ ઉત્પન્ન થઈ શકે છે. એવા પ્રયોગો આપણાં દેશમાં નથી થયાં, પણ પરદેશમાં થયાં છે. (હવે એ પ્રયોગો ભારતમાં પણ થાય છે.-સં.) આપણાં દેશમાં અને માટેની કુટુંબ ભૂમિકા તૈયાર નથી. એટલે શું? કોઈ પ્રતિષ્ઠાવાળો પૈસાદાર માણસ કરાવે તો સમાજ એનો વાંધો લે નહીં, પણ ગરીબ માણસ કરાવી શકે નહીં. એટલે એ કે જાણે અત્યારે શક્ય થયું છે, પણ આ તો કોઈ સાધન વિના માત્ર મંત્રથી કે સંકલ્પથી પાંચ પાંડવો થયેલાં, પણ એની પાછળ વ્યાસ ઋષિનું બળ હતું, એકલું કુંતીમાતાનું બળ નહીં.

કુંતીમાતા તો શક્તિશાળીફ બાઈ હતી. બહુ કુનેહવાળી બાઈ હતી અને એનો મહાભારતમાં જે ચીતરી છે એ બેકગ્રાઉન્ડ ઉપરથી બહુ મોટો ભાગ કંઈ આવતો નથી. કુંતીમાતા કાવતરામાં કે કંઈ કશામાં આવતી નથી. એ રાગદ્વેષથી પ્રેરાયેલી બાઈ નથી અને એણે એવી સલાહ પણ પોતાના છોકરાઓને આપી નથી. પોતાના છોરાઓને અને પોતાની શોક્યનાં છોકરાઓને પણ પોતાના છોકરા કરતાં વધારે સારી રીતે રાખેલાં. એવું દૃષ્ટાંત આ જગતમાં બહુ ઓછુ જ઼ જોવા મળશે. એ પણ એમાં સારો પોઈન્ટ (મુદ્દો) છે. પોતના દીકરાઓ કરતાં પણ તેમના પર તેમણે વધારે વહાલ રાખ્યું, એમ મહાભારતકાર કહે છે. એ રીતે મહાભારતકારે કુંતીનું ચારિત્ર્ય બહુ મોટી કક્ષા પર મૂક્યું છે. જેટલા ચારિત્ર્યો અંદર આવે છે એમાં આનું સારું. પુરુષમાં એકલા ભિષ્મનું. ભિષ્મના હાથે તો અન્યાયો થયેલાં છે, પણ કુંતીના હાથે કોઈપણ વાર અન્યાય થયેલો નથી. એકવાર પણ નહીં. આ તો મહાભારતકારે કહેલું છે. આ તો નાનપણમાં જે વિચારો આવેલાં તે કહ્યાં.

રાગદ્વેષ નીકળવા બહુ સરળ નહીં. એ રાગ અને દ્વેષ બે શબ્દ છે. રાગની અંદર કેટલા

બધાં આવી જાય. મોહ જે આવે તે રાગના સેક્શન (વિભાગ)માં અને ક્રોધ અને આ બધાં દ્વેષના સેક્શનમાં આવી જાય.કામ, મોહ, લોભની વાત જવા દો, કેમ કે એ છે એ માત્ર સ્પર્શે છે, ભેટે છે, બધું કરે છે, પણ એને ખરાબભાવ કે મારી નાખવાનો કે દ્વેષ કે હિંસા એવું એના મનમાં નહીં થાય. જ્યારે ક્રોધમાં એવું થશે. માટે, શાસ્ત્રકારોએ આ બધાનું મળીને એક જોડકું કર્યું છે, એનું નામ છે-રાગદ્વેષ. આ બધાનું મૂળ જ રાગદ્વેષ છે એમ એ લોકોએ નક્કી કરી લીધું. માટે આ રાગદ્રેષને મોળા પાડો. જૈન ધર્મમાં પણ એ જ વાત મુખ્ય આવી કે આ રાગદ્વેષને ોળા પાડો અને એ છૂટે એમ કરો. એણે મૂળ વાત કરી.

જો આપણાં જીવનમાંથી રાગદ્વેષ જાય તો બીજું બધું એની મેળુ જતં રહે. તો કહે, 'જાય શી રીતે?' તો ભાઈ બધાં જીવો પરત્વે સદ્દભાવ રાખો. કોઈના તરફ કંઈ કટુભાવ નહીં. બધાં માટે બસદ્દભાવ અને ખાસ કરીને જેના તરફ તમને અણગમો હોય, તે અણગમાવાળાને સામે જઈને તમે ભેટો. તેને જઈને અવારનવાર મળો. તેના કામ કરો. એ ઈચ્છે કે ના ઈચ્છે એનો કંઈ સવાલ નથી. પણ, આપણે તો આપણાં માટે કરવું છે. આ નંદુભાઈ (પૂજ્ય શ્રી મોટાના અંતેવાસી) પહેલવહેલા જ્યારે મને મળ્યાં ત્યારે મને કહ્યું, 'મોટા, મારે તેમને ગુરુ કરવા છે.' તો મેં કહ્યું, 'હું કોઈને મારો ચેલો બનાવતો નથી. હું ચેલો બનાવવા જન્મ્યો નથી.' 'મારે તમારા ગાઈડન્સ (માર્ગદર્શન) નીચે રહેવું છે.' તો મેં કહ્યું, 'તો રહો, એ વાત બરાબર છે, પણ એ પહેલા શરત મંજૂર કરવી પડશે.' તો કહે, 'કરીશ. કઈ?' 'જેના તરફ તમારો વધારેમાં વધારે અણગમો હોય, તેને જાહેરમાં જઈને તમે પગે લાગો. સાષ્ટાંગ દંડવત કરો. સેવા કરો.પહેલું એ કામ કરો. જેના માટે રાગદ્વેષ તમારા મનમાં હોય, જેના સામું પણ તમે ના જૂઆ, તેને જાહેરમાં તમે સાષ્ટાંગ દંડવત પ્રણામ કરો. અને એની સેવા કરો અને પછી મારી પાસે આવો.' એમણે કર્યું, સાહેબ. એમની સેવાય કરી. અને પછી પેલો માણસ નંદુભાઈને ભેટ્યો. 'શાબાશ. ધન્યવાદ છે તને. તારા પર હું રાજી થયો છું.' ત્યાર પછી નંદુભાઈને મું આ માર્ગમાં લીધાં. એ સિવાય નહીં.

રાગદ્વેષ એક એવું જોડકું છે કે જે કામક્રોધાદિને ઘટાડે છે અને કામક્રોધાદિને વધારે પણ છે. આ સંસારમાં કટુતા પણ એ લાવે છે અને મધુરતા પણ એ પ્રગટાવે છે. 'રાગદ્વેષ મધુરતા કંઈ પ્રગટાવતી હશે?' એમ આપણને સવાલ થાય એ સ્વાભાવિક છે. જે રાગદ્વેષ સપૂચો ઘટી ગયો હોય તેવો રાગદ્વેષ જીવનમાં મધુરતા પ્રગટાવી શકે, બાકી તો નહીં. એટલે મૂળમાં તો રાગદ્વેષ કેટલી હદ સુધફી કેટલું નુકસાન કરી શકે- કૌરવો પોતાના ભાઈઓને મારી નાખવા જાય છે. લાક્ષાગારમાં પૂરીને બાળીને મારી નાખવા તૈયાર થયાં. તે આખું મહાભારત રાગદ્વેષનું દર્શન કરાવવા માટે છે કે રાગદ્વેષ આવા છે. માટે તમે ચેતો. એ પુસ્તકને આ રીતે બહુ ઉત્તમ ગણું કે રાગદ્વેષનું આવુંપષ્ટ ચિત્ર આપણાં ઈતિહાસમાં કોઈ કથાકારે આપ્યું નથી. જેથી ચેતીએ કે આ રાગદ્વેષ કેવી રીતે આપણાંય જીવનને અને બીજાનાય જીવનને ખઈાસ કરી નાખે છે. આ બધું મેં પેલા ઈતિહાસમાં લખેલું. આપે શું પૂછ્યું હતું?

તા. ૧૯/૯/૧૦૭૪

-પૂજ્ય શ્રી મોટા

# જુવાનિયાઓ દેશનું કામ કરો અને દેશને જગાડો

## ગામડાના રહીશોને દેશમાં બનેલા બધાં બનાવોની હકીકત ત્યાં જઈને કહો

## સમાજમાં નવો પ્રાણ, નવું ચેતન પ્રગટી શકે એવા કામમાં લાગી જાઓ

(આજકાલ દેશના યુવાનોમાં જેવો જોઈએ તેવો દેશપ્રેમ જોવા મળતો નથી, દેશ માટે સર્વસ્વ ફના કરવાની ભાવના કે તૈયારી પણ નથી. તેમના આદર્શ આવા લડવૈયાઓ, સંતો નહીં પણ ફિલ્મના કલાકારો છે અને તેમને જોઈને એ પણ તેના જેવા જ બનવાનું વિચારે છે. જે યુવાનોમાં દેશપ્રેમ છે તેમનામાં પણ મહાત્મા ગાંધીજી પરત્વે, એમના કાર્યો પરત્વે અજ્ઞાનતા પ્રવર્તી રહી છે અને તેઓ તેમને યથાયોગ્ય સ્થિતિમાં સમજી શકે તેવી સ્થિતિ નથી. ત્યારે પૂજ્ય શ્રીમોટાનું ગાંધીજી અંગેનું લખાણ યુવાનો માટે પ્રેરક બનશે.-સંપાદક)

(ગતાંકથી ચાલુ)

આ વિચારોના જોશના પ્રાધાન્યથી હું તે વિચારની ધૂનમાં ને ધૂનમાં ગરકાવ રહ્યાં કરતો હતો. કૉલેજ છોડ્યાં પછી તો મારે માટે સાવ છેક અંધારું હતું. અને સાવ અંધારામાં જ મારે ભૂસકો મારવાનો હતો. ઘરેથી કોઈ મદદ કરી શકે એમ હતું જ નહીં, હવે કોઈ નોકરી ખોળવાની તો વાત જ ન હતી. હવે તો ફક્ત આંધળીયા કરી ઝંપલાવવાનો માર્ગ જ મારા માટે ખૂલ્લો રહેતો હતો. એ બધાંનો પણ ચિતાર આવ્યો હતો. ઉપર લખ્યું છે તેમ એવા ઉત્કટ વિચારની ધૂનના આવેશમાં પ્રવર્તાયેલો હોવા છતાં મેં મારા મનને વારંવાર ટકોર્યાં કરેલું કે ‘ભાઈ! આમાં જઈશું તો ખરા, ઝંપલાવીશું તો ખરા, પરંતુ તે દિવસો બધા બહું દોહ્યલા આવવાના છે. તેમાં કદાચ ખાવાનું પણ નહીં મળે. કોઈ મદદ તો કરશે નહીં અને મદદની અપેક્ષા રાખવી તે તો ખોટું છે. મદદ આવે તો પણ તે લેવી નથી. એવો દૃઢ મરણિયો નિર્ધાર પ્રગટ્યો છે અને હવે તો આપબળે જ જીવવું છે તે પણ વાત નક્કી છે. માટે હે મનવા! કૃપા કરીને ફરીથી આ બાબતમાં વિચારી લે.' કેવી કફોડી સ્થિતિ જન્મવાની છે, તેનું પણ તાદૃશ્ય ભાન વિચારી વિચારીને મનની સમક્ષ જગાડ્યું હતું.

તે દિવસો એવા તો ભારે ઉશ્કેરાટના હતા કે કૉલેજના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાનું સૂઝતું જ નહીં. જ્યાં ને ત્યાં એનું એ જ વાતાવરણ. તે જબરજસ્ત વાતાવરણના વંટોળમાં સૌથી પ્રથમ જે જે વિદ્યાર્થીએ કૉલેજનો ત્યાગ કરીને તેમાં ઝંપલાવ્યું તે વિદ્યાર્થીઓ પણ હોશિયાર વિદ્યાર્થીઓ હતા. મારી સાથે બરોડા કૉલેજમાંથી ત્યાગ કરનાર શ્રી પાંડુરંગ વળામે (મહાત્મા શ્રી રંગઅવધૂત મહારાજ) હતા. સૌથી પ્રથમ બરોડા કૉલેજમાંથી નીકળીને અસહકાર કરનાર અમે બે જ વિદ્યાર્થીઓ હતાં, અને તે પણ ૧૯૨૦ની કલકત્તાની સ્પેશ્યલ કૉંગ્રેસમાં મહાત્મા ગાંધીજી અસહકારનો ઠરાવ મૂકવાના હતાં અને તે ઠરાવ કૉંગ્રેસ પાસે પસાર કરાવવાના હતાં, તે પહેલા અમે બન્ને વિદ્યાર્થીઓએ કૉલેજનો ત્યાગ કરવાનું કર્યું, આ છે કૉલેજત્યાગનો ઈતિહાસ.

મને મદદ કરનાર જે જે સ્વજન હતાં, તે

મારા આ નિર્ણયથી ખરેખર બહુ જ નારાજ થયાં, મારા જીવનનું ભાવિ મેં મારી પોતાની મેળે બગાડ્યું તેવી તેમની દઢ લાગણી અને મત હતાં. કૉલેજ છોડ્યાં પછી પણ મેં તેમનો સંબંધ કદી પણ છોડ્યો નથી. તેમની સાથેનો સંબંધ પ્રેમભાવથી, સદ્‌ભાવથી, નમ્રતાથી મેં સતત જાળવી રાખેલો છે. કૉલેજ છોડી દીધા પછી તેઓ પણ મને તે વિશે કદી એક શબ્દ પણ બોલ્યાં નથી અને મદદ કરવાને પણ શુભેચ્છા ને સહાનુભૂતિ દાખવેલાં છે. પરંતુ મેં પોતે સ્વયંમેળે તે લેવાનું સ્વીકારેલું નહીં અને તે પણ દઢતાપૂર્વક જ.

★★★

ગુજરાત વિદ્યાપીઠના તે સાલના જૂન માસને અંતે પ્રવેશ થવાનું તો કર્યું, પરંતુ પૈસા શી રીતે મળવવા? દર અઠવાડીયે નવજીવન વેચીને જે રકમ મેળવતો, તેમાંથી જેમ તેમ કરીને બધું ચાલતું. તે કાળમાં ગુજરાત વિદ્યાપીઠનું વાતાવરણ ણ અભ્યાસને માટે મુદ્દલે યોગ્ય ન હતું. અવાર-નવાર સરઘસમાં જોડાવું, દેશના મોટા મોટા નેતાઓનું આવવું ને તેમના ભાષણોમાં જવું-આવા જ પ્રકારના વાતાવરણથી વિદ્યાર્થીઓનું માનસ ઘેરાયેલું રહ્યાં કરતું. ત્યાં અભ્યાસ તે કેવી રીતે કરી શકાય ને થઈ પણ શો શકે? એટલે સરકારી કૉલેજમાં અપાતા શિક્ષણના વિકલ્પમાં રાષ્ટ્રીય ભાવનાને પોષક એવો કેળવણીનો અભ્યાસક્રમ કૉલેજિયનોની સમક્ષ મૂકવાની જરુર છે એમ રાષ્ટ્રીયભાવનાવાળા વિચારકોએ એ વાતાવરણનો સદુપયોગ કરવાના હેતુથી વિચાર્યું.

આથી, ગુજરાત વિદ્યાપીઠ સ્થપાઈ અને ત્યાં કૉલેજ ત્યાગીને આવેલા વિદ્યાર્થીઓ આવીને ભણવા લાગ્યાં હતાં, પરંતુ તે કાળ જ ભણતરને માટે ન હતો.

અમને બધાં વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયના અધ્યાપકો ભણાવવાનું તો જરુર કરતાં હતાં, તેમના તે તે વિષયના પ્રવચનો અભ્યાસપૂર્ણ અને વિષયના હાર્દને યોગ્ય રીતે વ્યક્ત કરી શકે એવા પ્રકારના પણ હતાં. તે તે અધ્યાપકોની વિદ્યાર્થીઓ સાથેની મમતા, સહાનુભૂતિ ને તેમને મદદ કરવાની તેમની ઝંખના બેનમૂન હતી. વિદ્યાર્થીઓને મદદ કરવાની તેમની ભાવના પણ જરુર સાકાર પામતી. વિદ્યાર્થીઓને કેમ કરીને બધી સગવડ મળી રહે, તે વિશે પણ તેઓ સારી રીતે વિચારતાં. થોડોક કાળ ગયા પછી, કોચરબના ઢાળેથી ગુજરાત વિદ્યાપીઠ ભૂલાભાઈના વંડામાં એલિસબ્રિજ સ્ટેશનની સામે ખસેડવામાં આવી. ગુજરાત વિદ્યાપીઠને માટે નવું મકાન થવાની તૈયારીઓ થવા લાગી.

આ બધું ચાલ્યાં કરતું હતું તે દરમિયાનમાં ગાંધીજીએ અમારી વચ્ચે આવીને અમને સંબોધ્યાં, તે પણ એક નવો ધડાકો જ થયો. તેમણે તો કહ્યું કે, 'મેં ધાર્યું હતું કે તમે બધાં કૉલેજ છોડીને દેશનું કામ કરવાને મંડી જશો. અસંખ્યા ગામડાઓ દેશમાં છે. તે ગામડાના રહીશોને આપણાં દેશમાં બનેલા બધાં બનાવોની હકીકત તમે ત્યાં ત્યાં જઈને કહો. આ દેશમાં અંગ્રેજ રાજથી જે જે બધું બન્યું છે, તે બધી હકીકત તમે ત્યાં જઈને ગામડાના ભાઈઓને સમજાવો. પંજાબના હત્યાકાંડની વાત કરો તથા બીજી અનેક રીતે સમાજમાં નવો પ્રાણ, નવું ચેતન પ્રગટી શકે એવા કામમાં લાગી જાઓ. એટલા માટે મેં તો તમને કૉલેજનો ત્યાગ કરાવ્યો છે. આ તો તમે એક પ્રકારની ડીગ્રીનો મોહ છોડીને બીજા પ્રકારની ડીગ્રીનો મોહ તાજો ને તાજો રાખ્યો છે. કૉલેજ છોડવાનો મારો હેતુ તો તમે બધાં જુવાનિયાઓ દેશનું કામ કરો અને દેશને જગાડો એવા પ્રકારનો હતો. માટે તમે તમારો ધર્મ વિચારીને મારી આ જે વાત છે, તે વિશે તમે ગંભીરતાથી ઊંડા ઊતરીને સંશોધન કરો અને જો યોગ્ય લાગે તો આ વિદ્યાપીઠનું ભણતર પણ મૂકી દો અને દેશના કામમાં લાગી જાઓ. અત્યારે તે દિશામાં તમારી જુવાનીનો ખરેખરો ખપ છે.' (પેરક વિભૂતિ મહા ત્મા ગાંમાંથી)

(વધું આવતા અંકે)

## સંતને સંતપણાં રે

**-અજ્ઞાત**

સંતને સંતપણા રે મનવા નથી મફતમાં મળતા,
નથી મફતમાં મળતા રે એના મૂલ ચૂકવવા પડતાં.
સંતને સંતપણા રે...

ભરી બજારે કોઈ વેચાણા. કોઈ તેલ કડામાં બળતા (૨)
કાયા કાપી કાંટે તોળી કોઈ હેમાળો ગળતા.
સંતને સંતપણા રે...

કરવત મેલી માથા વેર્યાને કાળજા કાપીને ધરતા (૨)
ઝેર પીધાં ને જેલું ભોગવી સાધુડા સુળીએ ચડતા.
સંતને સંતપણા રે...

પ્યારા પુત્રનું મસ્તક ખાંડીને ભોગ સાધુને ધરતા (૨)
ઘરની નારી દાનમાં દેતાં, જેના દિલ જરી નવ ડરતા.
સંતને સંતપણા રે...

પર દુઃખેરે જેનો આતમ દુઃખીયો રુદિયો જેના રડતાં (૨)
માન મોહને મમતા ત્યાગી જઈને બ્રહ્મમાં ભળતા.
સંતને સંતપણા રે...

ગુરુ પ્રતાપે ભણે પુરુષોતમ જેના ચોપડે નામ ચડતા (૨)
એવા સંતને ભજતા જીવડાં ભવના બંધન ટળતા.

સંતને સંતપણા રે...

# વૈષ્ણવ નથી થયો તું રે

**-દયારામ**

વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે,
શીદ ગુમાનમાં ઘૂમે... વૈષ્ણવ...ટેક
હરિજનને જોઈ હૈડું ન હરખે, દ્રવે ન હરિગુણ ગાતાં,
કામ ધામ ચટકી નથી પટકી, ક્રોધે લોચન રાતાં... વૈષ્ણવ...૧
તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો,
તારા સંગનો રંગ ન લાગે, તહાં લગી તું કાચો... વૈષ્ણવ...૨
પર દુઃખ દેખી હ્દે ન દાઝે, પર નિંદાથી નથી ડરતો,
વ્હાલા નથી વિઠ્ઠલશું સાચું, હઠે ન હું હું કરતો... વૈષ્ણવ...૩
પરોપકારે પ્રીત ન તુજને, સ્વારથ છૂટ્યો છે નહીં,
કહેણી તેવી રહેણી ન મળે, કહાં લખ્યું એમ કહેની... વૈષ્ણવ...૪
ભજવાની રુચિ નથી મન નિશ્ચે, નથી હરિનો વિશ્વાસ,
જગત તણી આશા છે જહાં લગી, જગત ગુરુ તું દાસ... વૈષ્ણવ...૫
મન તણો ગુરુ મન કરીશ તો, સાચી વસ્તુ જડશે,
'દયા' દુઃખ કે સુખ માન પણ, સાચું કહેવું પડશે... વૈષ્ણવ... ૬

દેશભાવના, સંસ્કૃતિ અને અધ્યાત્મનો સમન્વય

# શાશ્વત સંદેશ

# લવાજમ યોજના

**વાર્ષિક લવાજમ રુ.૧૦૦**

## આજે જ આપના લવાજમની રકમ ભરી દો અને દર મહિને વાંચનનો રસથાળ મેળવો

## ઈ-બૅંકીંગ, મની ઓર્ડરથી ૫ કે ૧૦ વર્ષનું લવાજમ મોકલી શકાય છે

આપણે સિનેમા વગેરેમાં મોટી રકમનો ખર્ચ કરતાં હોઈએ છીએ ત્યારે અમે લાવી રહ્યાં છીએ પ્રતિ માસ માત્ર રુ.૮ના ખર્ચમાં શિષ્ટ, સંસ્કારી સાહિત્યનો રસથાળ

**લવાજમ મોકલવાનું સ્થળ:**

યોગેશ કવીશ્વર,
શાશ્વત સંદેશ કાર્યાલય,
મું. લાપાળિયા, તા.જિ. અમરેલી-૩૬૫૬૦૧

**ઈ-બૅંકીંગથી રકમ મોકલો:**

ખાતું: યોગેશ કવીશ્વર
બૅંક: એસબીઆઈ, અમરેલી
ખાતા નં.૩૩૮૩૫૫૪૫૭૨૫
IFS CODE: SBIN0000312



જો તમારે સફળતા પ્રાપ્ત કરવી હોય તો તમારી પાસે પ્રચંડ ખંત અને દૃઢ ઈચ્છાશક્તિ હોવા જોઈએ. ખંતીલો માણસ કહે છે: ‘હું સાગરને પી જઈશ, મારી ઈચ્છા થતાં સાથે જ પર્વતો કડડભૂસ થઈને તૂટી પડશે.‘ આવા પ્રકારની શક્તિ પ્રાપ્ત કરો, આવા પ્રકારની ઈચ્છાશક્તિ દાખવો. જો તમે પુરુષાર્થ કરશો તો તમે ધ્યેયને પામી શકશો.

-સ્વામી વિવેકાનંદ

Published by YOGESH KAVISHWAR at Shashwat Sandesh Office, Lapaliya Village, Taluka\Dist.-Amreli.
Pin - 365601
Owner, Publisher, Editor:- Yogesh Kavishwar
Email: admin@shashwatsandesh.com
website: www.shashwatsandesh.com